
ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ
સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજ

વર્ષ ૩૬ સંવત ૨૦૭૦ શ્રાવણ, ઓગસ્ટ – ૨૦૧૪ અંક – ૮

# 'વેદ રહસ્ય' સામયિક સભ્યોને ખાસ વિજ્ઞાપન

- ✓ 'વેદ રહસ્ય' દર મહિનાની પાંચ તારીખે પ્રગટ થાય છે.
- ✓ 'વેદ રહસ્ય' નું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે.
- ✓ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબરનો અવશ્ય ઉલ્લેખ કરવો
- ✓ સરનામા ફેરફાર થાય તેમજ તા. પંદર સુધીમાં અંક ન મળે તો પત્રથી ફોન નંબર સાથે અથવા ફોન દ્વારા અથવા રૂબરૂ પ્રકાશકશ્રીના સરનામે જાણ કરવી
- ✓ જે સભ્યોનું વાર્ષિક લવાજમ પુરૂ થાય અને ડીસેમ્બર મહિનાની તા. ૧૫ સુધીમાં લવાજમ ભરવામાં ન આવે તો અંક આપોઆપ ત્યાર પછીના મહિનાથી બંધ થયેલ ગણવામાં આવશે.
- ✓ વર્ષની વચ્ચે કોઈપણ મહિનામાં વાર્ષિક સભ્ય થયા હશે તો પણ વર્ષ ડીસેમ્બર માં પુરૂ થયેલું ગણાશે.
- ✓ કોઈપણ જાતનું લવાજમ ભરીને કાર્યાલયમાંથી ફરજીયાત પહોંચ મેળવી લેવાની રહેશે.
- ✓ લેખો, ભજનો, કીર્તનો વગેરે ધાર્મિક, આધ્યામિક, જીવન ઉપયોગી હોવા જોઈએ. લેખો–ભજનો–કીર્તનો વગેરે ઉપર જાણાવ્યા પ્રમાણે અનુરૂપ નહીં હોય અથવા કોઈપણ પુસ્તકના કે છાપાના ઉતારા હશે અને પ્રગટ કરવા જેવા નહીં લાગે તેવા લેખો–ભજનો–કીર્તનો વગેરે રદ કરી શકાશે અને લેખકોને પરત મોકલવામાં આવશે નહીં. લેખકોને કોઈપણ જાતનું મહેનતાણુ કે પુરસ્કાર આપવામાં આવતો નથી.
- ✓ પ.પૂ. શ્રી મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની શુભ પ્રેરણા અને અસીમ કૃપાથી 'વેદ રહસ્ય' સામયિકનો શુભ આરંભ થયેલ તેમજ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની પ્રેરણા તેમજ આશીર્વાદથી અને તેમના માર્ગદર્શન નીચે સેવક સમુદાય દ્વારા સુરત થી પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સામયિકની પ્રવુત્તિ અને વિકાસ વધતો જ જાય છે. તેથી આપ સૌ સેવક–ભકતોને નિવેદન કરવામાં આવે છે કે વાર્ષિક લવાજમ ભરીને વારંવાર સભ્ય થવું, લવાજમ ભરવામાં નિયમિતતા જળવાય નહીં, તેના બદલે આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બની જાઓ તો તમારે અને કમીટી મંડળ બંનેને ઘણી સાનુકૂળતા થઈ જાય અને વહીવટમાં પણ સુગમતા રહે. તેથી આપ સૌ સેવક–ભકતો આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બનો અને બીજાને બનવાની પ્રેરણા અને ઉત્સાહ વધારો જેથી આપે સત્સંગ સાહિત્યની મહાન સેવા કરી ગણાશે.
- ✓ લવાજમની રકમ રોકડેથી ભરી શકાશે તેમજ ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફટથી પણ લવાજમ ભરી શકાશે. ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફટ વગેરે '' શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ'' ના નામનો કઢાવવાનો રહેશે અને પ્રકાશકશ્રીના સરનામે મોકલવાનો રહેશે.

## ખાસ સૂચના

લેખ, ભજન કે કીર્તન મોકલનારે તારીખ સાથે પોતાનું સ્વચ્છ સરનામું તથા ફોન નંબર આપવાનો રહેશે તેમજ લેખ, ભજન કે કીર્તનના અંતમાં પોતાની સહી કરવાની રહેશે. સહી કરેલા લેખ, ભજન કે કીર્તન સારા અક્ષરોમાં હાસિયો છોડીને લખેલા હશે તો જ માન્ય ગણાશે. ઝેરોક્ષ કરેલા લેખ, ભજન કે કીર્તન માન્ય રહેશે નહીં.

**સંપર્ક નં. મો.: ૯૪૨૭૪ ૨૬૯૦૧, ૯૮૯૮૩ ૨૨૬૫૦, ૯૮૨૪૧ ૮૧૩૭૬**

# વેદ રહસ્ય





સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામીશ્રી
અખંડાનંદ સાગર વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૬ / ઓગસ્ટ-૨૦૧૪ / અંક-૮


## અનુક્રમણિકા


૨ ગુરુપૂર્ણિમા
કૃષ્ણા કે. ભરોડિયા (પાલડી)

૭ કઠોપનિષદ

૧૦ ભજન
દેવરાજભાઈ વી. વઘાસીયા (પીપળીયા)

૧૧ પરમ લાભ
બ્ર. હરિશાનંદજી મહારાજ

૧૨ ગુરુ ભક્તિ કેવી ?
સ્વામીશ્રી મોહનાનંદજી મહારાજ

૧૩ માનવ જીવનનું લક્ષ્ય
એલ. જે. સોનાણી (ચકમપર)

૧૫ જન્માષ્ટમી
દેવકુરબેન કે. ભરોડીયા (પાલડી)

૧૬ આદ્યશ્રી શંકરાચાર્યજી
પ્રવિણભાઈ ડી. સુતરીયા (ચમારડી)

૧૮ સ્વતંત્રતા આપે તે સદ્‌ગુરુ
શોભના જે. વાઘાણી (ઉખરલા)

૧૯ ભીતિ વિના પ્રિતી નહીં
મધુબેન ડી. બોઘરા (પીપરીયા)

૨૦ સત્સંગ સમાચાર
સંકલિત


જય સચ્ચિદાનંદ
ૐ


**: માધવ પીઠાધીપતી :**
“પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય”
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫૦૦૪

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત–૩૯૫ ૦૦૪

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત–૩૯૫ ૦૦૪

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા
**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
“વેદ સ્હસ્ય કાર્યાલય”
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪
ફોન ન. ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

**: માનદ સંપાદકીય સલાહકાર :**
“પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય”
૧. કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા (પાલડી)
૨. બાબુભાઈ નાનજીભાઈ કોશીયા (અંકેવાળીયા)
૩. ગોરધનભાઈ જગાભાઈ ગાબાણી (પીપળીયા)


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૫ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

રજુઃ કૃષ્ણા કે. ભરોડિયા




## ચાણોદ ધામમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પધારેલ સંતોએ આપેલ આશિર્વચન.

**<u>પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ</u>**

તત્ત્વ જીજ્ઞાસુ સજ્જનો,

સજ્જનો, આપણી ભારતીય વૈદિક સંસ્કૃતિમાં વેદાંત, ગુરુ અને ઈશ્વર એની બહુ મહિમા છે. અને આ ત્રણેય જીવનમાં હંમેશા વંદ્ય છે એટલે વંદન કરવા યોગ્ય છે. આ ત્રણ તત્ત્વ છે. આ ત્રણેય જીવન પર્યંત કેવલ વંદ્ય જ નહિ પણ સેવ્ય પણ છે, જો મનુષ્યો એ કલ્યાણ કરવું હોય તો વેદાંત નો એ સિદ્ધાંત છે કે મનુષ્ય અજ્ઞાનથી બંધાણેલો છે એ આપણે બધા જ જાણીએ છીએ. જેમ અંધકારની નિવૃત્તિ પ્રકાશથી થાય છે એવી રીતે અજ્ઞાનની નિવૃત્તિ જ્ઞાનથી જ થાય છે. આ અજ્ઞાનની નિવૃત્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી જન્મ-મરણ રૂપી બંધનની નિવૃત્તિ થતી નથી અને જ્ઞાનની પ્રાપ્તિ માટે વેદાંત છે તેને સમજાવવા વાળા ગુરુ છે અને વેદાંત પ્રતિપાદ્ય ઈશ્વર છે. વેદાંતનો અર્થ થાય વેદનો નિર્ણય. જે જે કાર્ય આપણે કરીએ તેનું ટોટલ આપણે નિર્ણય લગાવીએ છીએ બસ તેમ.... વેદ એટલે આપણા ધર્મનો આધાર, વેદ એટલે પ્રમાણ, વેદ એટલે આપણા આચાર્યોએ કહ્યું આ સંસારમાં અનેક પરંપરાઓ છે અનેક સંપ્રદાયો છે પરંતુ એ કોઈ વૈદિક નથી કોઈને કોઈ મનુષ્ય દ્વારા એ નિર્મિત છે પરિકલ્પીત છે તેની સાથે મનુષ્યનું નામ જોડાયેલું છે જ અને તેથી તેમાં અવશ્ય દોષ હોય, અપ્રામાણ્ય હોય પરંતુ વેદની સાથે કોઈ મનુષ્યનું નામ જોડાયેલું નથી. આપણે ત્યાં બે વિચારધારાઓ ચાલી એક જૈમિની વિચારધારા અને બીજી બાદરાયણ વિચારધારા વેદ એટલે કોઈ પુસ્તક નહિ સમજતા વેદનો અર્થ છે એ નિત્ય છે, વેદ અપૌરુષેય છે એ જૈમિની માને છે અને આચાર્ય બાદરાયણ કહે છે કે ઈશ્વર તેના નિર્માતા છે તેનું નિર્માતિત્ત્વ એટલું જ જેમ આપણા નાસિકા રંધ્રમાંથી શ્વાસ નીકળે તો આપણે એમ કહી શકીએ કે એ શ્વાસને મેં ઉત્પન્ન કર્યો. ઈશ્વરથી વેદ શ્વાસની જેમ ઉત્પન્ન થાય છે અને વેદ નિત્ય છે અને સંસારથી ઉત્પન્ન થયેલા મનુષ્યનું કલ્યાણ વેદ છે. ધર્મ અને બ્રહ્મ એ બે વસ્તુ એવી છે સજ્જનો, જે વાત પ્રત્યક્ષથી ખ્યાલ ન આવે, ઈન્દ્રિયોથી જાણી ન શકાય, એ ઈન્દ્રિયોનો વિષય ન

બને, કોઈ પણ પ્રમાણ દ્વારા જે સિદ્ધ ન થઈ શકે. શાસ્ત્ર સીવાય કોઈ અતિત પ્રમાણથી તેને જાણી શકાય નહિ. આચાર્ય મધુસુદન સરસ્વતીજી કહે છે કે ધર્મ અને બ્રહ્મને જે પ્રતિપાદિત કરે તેને વેદ કહે છે. આપણા જીવનમાં ધર્મ અને બ્રહ્મની અત્યધીક જરૂર છે. વેદ સામાન્ય મનુષ્યની પહોંચથી દૂર છે તેથી વેદના જ્ઞાતા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની જરૂર પડે છે એ જ વેદના અર્થ મનુષ્યને બતાવી શકે છે. શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની જરૂર છે એ શાંકર સિદ્ધાંત છે. નેતા હોય એ દેખતો હોવો જોઈએ. ધર્મ અને બ્રહ્મના જ્ઞાનરૂપી ચક્ષુ ન આવે ત્યાં સુધી બ્રહ્મનો સાક્ષાત્કાર ન કરી શકે. આ જે તત્ત્વ છે તેને મૂઢ જીવો જાણી શકતા નથી. જો આંખ દ્વારા દેખાય તો હું માનું એમ કહે તે મૂઢ છે. જેની પાસે જ્ઞાનચક્ષુ છે એ જ ધર્મ અને બ્રહ્મને જાણી શકે છે, માણી શકે છે. જયાં સુધી ગુરુ સેવા ન કરીએ ત્યાં સુધી આપણે તે જાણી શકતા નથી.

**ગુરુવક્ત્રે સ્થિતા વિદ્યા ગુરૂભક્ત્યા ચ લભ્યતે.**

ગુરુના મુખમાં રહેલી વિદ્યા ગુરુની પ્રસન્નતાથી પ્રાપ્ત થાય છે અને ગુરુ પ્રસન્ન સેવાથી થાય છે અને જો ગુરુ પ્રસન્ન થાય તો અવશ્ય લાભ મળે મળે ને મળે.

**ગુરુ સેવા પરં તીર્થમન્યતીર્થં નિરર્થકમ્.**

ગુરુજીની સેવા એ પરમતીર્થ છે. બીજા તીર્થમાં તો ઘણાં વિઘ્નો છે પૈસા જોઈએ, સાથી જોઈએ અને ન જાને બીજુ કેટલુ.... પરંતુ સેવા તો બધા કરી શકે છે. સેવા હાથવગી હોય છે પણ આપણને તેની કિંમત નથી. શાસ્ત્રના અર્થને સમજવા ગુરુની જરૂર છે. ભગવાન શ્રી શંકરાચાર્યજી ડિમ ડિમ ઘોષ કરીને કહે છે કે શાસ્ત્ર સીવાય કોઈથી પણ ઈશ્વરનું જ્ઞાન થઈ શકે નહીં. આપણા જીવનની પૂર્ણતા આ ત્રણ તત્ત્વથી છે. ગીતા, ઉપનિષદ અને બ્રહ્મસૂત્ર એ આપણા ઘરમાં અવશ્ય હોવા જોઈએ. (શાંકર ભાષ્યના). આપણા ઘરમાં ગીતા (શાંકર ભાષ્યની) અવશ્ય હોવી જોઈએ. ઓછામાં ઓછા દસ ઉપનિષદ આપણા ઘરમાં અવશ્ય હોવા જોઈએ.

સેવા કરવાનો સંકલ્પ કરવાનો આ દિવસ છે. પૂજન કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. હે ગુરુજી ! આપ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થયું. તે મોક્ષ પ્રદાન કરવા વાળું થાય તે કૃતજ્ઞતા પ્રગટ કરવાનો આ દિવસ છે.

આપણું જીવન પરિપૂર્ણતાથી પૂર્ણ થાય આપણે કલ્યાણના ભાગી બનીએ.

સદ્‌ગુરુ દેવકી જે....

**<u>પ.પૂ. સ્વામી શ્રી મોહનાનંદ સાગરજી મહારાજ</u>**

સત્સંગ પ્રેમી ભાઈઓ તથા બહેનો,

ગુરુ પૂર્ણિમા નિમિત્તે આપણે એકઠા થયા છીએ તો ગુરુ ગીતામાં કહ્યું છે કે :

**'ગુ' શબ્દસ્ત્વન્ધકારોઽસ્તિ 'રૂ' શબ્દસ્તન્નિરોધકઃ**
**અન્ધકારવિરોધિત્વાદ્ ગુરૂરિત્યભિધીયતે.**

ગુરૂ શબ્દની વ્યાખ્યા શું ? 'ગુ' કાર એ અંધકારનો વાચક છે. 'રૂ' કાર એ તેજ / જ્ઞાન રૂપી પ્રકાશ કરવાવાળો છે. અજ્ઞાનરૂપી અંધકારને જે હરવાવાળા છે તે ફક્ત ગુરુજી જ છે.

**ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ર્ગુરૂર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરૂ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

ગુરુ એ શિષ્યમાં જ્ઞાન ઉત્પન્ન કરે છે એટલે બ્રહ્માનું કામ કરે છે. અને ભગવાન વિષ્ણુ જગતનું પાલન પોષણ કરે છે એ રીતે ગુરુ શિષ્યના હૃદયમાં જ્ઞાનનું, સંસારનું, વિવેકના જ્ઞાનનું પાલન કરે છે અને મહેશ્વર પ્રલય થાય ત્યારે સૃષ્ટિને પોતાનામાં સમાવી લે છે. એ રીતે ગુરુ શિષ્યમાંથી અવિવેકને હરી લે છે. ગુરુજી છે એ જ સાક્ષાત્ પર બ્રહ્મ છે. એવા સદ્‌ગુરુને વંદન, પ્રણામ કરે છે. અન્ય ધર્મોમાં ગ્રંથોમાં આદિ જે પ્રણેતા થઈ ગયા તેઓએ લખ્યું તેમાં કોઈએ શંકા કરવાની નહીં એવો નિયમ હોય છે. પરંતુ આપણાં આ સનાતન ધર્મમાં શિષ્ય કેવો હોવો જોઈએ કે શંકા કરે, તર્ક કરે, કુતર્ક કરે.... શિષ્ય ગુરુ પાસે જાય તો ગુરુને પ્રશ્ન કરે બંધન શું છે ? તે કયાંથી આવ્યું ? શા માટે આવ્યું ? તેની પ્રતિષ્ઠા કેમ થઈ ? તેને દૂર કેમ કરવું ? અનાત્મા શું છે ? આત્મા એટલે શું ? તે કેવો છે ? કયાં છે ? 'હે સદ્‌ગુરુ ભગવાન ! એનો વિવેક મને કરાવો.' અજ્ઞાનથી આસક્તિથી જીવ બંધાય છે. જે વસ્તુમાં રાગ હોય, મોહ હોય તે પુનર્જન્મનું કારણ બને છે. અમુક વ્યક્તિને અમુક વ્યક્તિ પર આસક્તિ હોય તો જન્મ લેવા પડે. જડ ભરતે એક હરણનાં બચ્ચામાં મોહ. પ્રેમ, આસક્તિ કરી તો તેને ત્રણ જન્મ લેવા પડયા.

**''એક હિરણ કે કારણે ભરત ધર્યા ત્રણ દેહ**
**તુલસી જીવની શી ગતિ, જેણે ઘરઘર કર્યા સ્નેહ''**

તો શાસ્ત્રો બતાવે, સદ્‌ગુરુ ભગવાન સંતો

બતાવે છે કે બંધન અજ્ઞાનથી થાય છે ગુરુની સેવા કરવાથી વિદ્યા પ્રાપ્ત થાય છે. તો આપણે આ નિમિત્તે એકઠા થયા છીએ તો સદ્‌ગુરુ ભગવાનને પ્રાર્થના કરીએ કે તે આપણને જ્ઞાન, વૈરાગ્ય, મોક્ષના ભાગીદાર બનાવે કોઈને કોઈ વાતની ખામી, ઊણપ, ક્ષતિ ન રહે સર્વે સર્વ પ્રકારે સુખી થાય.

સર્વેત્રઃ સુખિનઃ સન્તુ.....

## પ.પૂ. સ્વામીશ્રી ભૂમાનંદ સાગરજી મહારાજ

ધર્મપરાયણ ભાઈઓ, ભક્તિમતી માતાઓ, બહેનો,

પરમ કૃપાળુ પરમાત્માની મહાન કૃપા દ્વારા આપણને ચોરાશી લાખ જન્મમાં શ્રેષ્ઠ માનવ જન્મ મળ્યો છે. સૌથી શ્રેષ્ઠ પર્વ ગુરુપૂર્ણિમા ગણાય છે. જીવાત્મામાં પોતાના સ્વરૂપનું અજ્ઞાન અનાદી કાળથી રહ્યું છે એ ગુરુ જ્ઞાનરૂપી પ્રકાશથી દૂર થાય છે. જેવી રીતે પૂર્ણિમાને દિવસે ચંદ્રના પ્રકાશથી દિવસની ગરમી દૂર થાય છે અંધકાર દૂર થાય છે એવી રીતે અનાદી કાળથી અજ્ઞાન એ જ્ઞાનથી દૂર થાય છે. ક્યું જ્ઞાન ?.... વેદનું. વેદનો અર્થ છે જ્ઞાન. અર્થાત્ ચાર વેદના જે ચાર મહાવાક્યો છે (મહાવાક્યો એટલે બહું લાંબા લાંબા મોટા વાક્યો નહીં પણ જે આત્મા અને બ્રહ્મની એકતા કરાવે છે) તે અજ્ઞાન ને દૂર કરે છે. કહેવાનો મતલબ છે કે સદ્‌ગુરુ ભગવાનને શરણે જવાથી 'તત્ત્વમસિ', 'પ્રજ્ઞાનં બ્રહ્મ', 'અયમાત્મા બ્રહ્મ', 'અહંબ્રહ્માસ્મિ' એ ચાર વાક્યનું જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી અજ્ઞાન દૂર થતું નથી અને અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી પોતે ભલે બ્રહ્મરૂપ છે મુક્ત છે છતાં તેનો આનંદ મળી શકતો નથી. ભગવાન દયાળુ છે આપણને આપેલું જ છે. બ્રહ્મ કંઈ બહાર નથી કે એને લેવા જવું પડે. એ તો સર્વત્ર સર્વને મળેલા છે. જ્યાં તમે જાવ ત્યાં... જેમ આકાશ વ્યાપક છે. તમે મુંબઈ જાવ, અમદાવાદ જાવ, સુરત જાવ... તેમ પરમાત્મા પણ... જે વસ્તુ લેવા આપણે દોડધામ કરવી પડતી નથી **'સર્વખલ્વિદં બ્રહ્મ'** સર્વ કંઈ બ્રહ્મ જ છે. ભગવાન ગીતામાં કહે છે કે 'હું પ્રત્યેકની અંદર આત્મરૂપથી રહેલો છું.' પરંતુ તેને આપણે ભૂલી ગયા અને અનેક પ્રકારના રોંદણા રોવા લાગ્યા. આ સંસાર એ મોટું જેલખાનું છે અને આપણે તેમાં ખોટો કર્તૃત્વ ભોકતૃત્વ સંબંધ માની લીધો છે. હું આમ છું ને તેમ છું જે શરીરમાં થાય તે પોતાનામાં માની લે છે. એ બધુ દૂર કોણ કરાવે ? ગુરુ કરાવે. કઈ રીતે ? વેદના જ્ઞાન દ્વારા. વેદમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન ત્રણ કાંડ છે. આપણા જીવનમાંથી ત્રણ પ્રકારના દોષ દૂર ન કરીએ ત્યાં સુધી આપણને મુક્ત સ્વરૂપનો અનુભવ થતો નથી. આત્મા પરમાત્માનું એકતા રૂપી જ્ઞાન ગુરુ પ્રગટ કરે છે. આપણું અજ્ઞાનરૂપી આવરણ દૂર થઈ જાય તો વાસ્તવિક સ્વરૂપનો અનુભવ થવા લાગે. જયાં સુધી દ્વૈત ભાવ હોય ત્યાં સુધી ભય દૂર થતો નથી. શાસ્ત્રોમાં કહે છે કે જયાં સુધી તમે અને પરમાત્મા બંને ભિન્ન રાખશો ત્યાં સુધી ભય દૂર થતો નથી. જયારે અદ્વૈત જ્ઞાન થઈ જાય ત્યારે કરવાનું કરાય જાય છે, જાણવાનું જણાય જાય છે. ઘણીવાર આપણે પોતાને માની લઈએ કે હું એટલામાં જ છું પણ તમે તો સર્વત્ર છો.

તો પરમાત્માના ચરણોમાં એ પ્રાર્થના કરીએ કે તમે અમારી અંદર અનંતરૂપે રહેલા છો તો અમે તેનો અનુભવ કરી શકીએ સ્વયં મુક્ત થઈને બીજાને મુક્ત કરી શકીએ એ જ સદ્‌ગુરુ ભગવાન પાસે પ્રાર્થના.....

**બોલીએ સચ્ચિદાનંદ ભગવાનકી જે.**

## પ.પૂ. સ્વામીશ્રી વિવેકાનંદ સાગરજી મહારાજ

ધર્માનુરાગી ભક્તજનો,

આજે આપણે બધા ગુરુ પૂર્ણિમાના પરમ પ્રસંગ નિમિત્તે એકઠા થયા છીએ. આ એક અનેરો ઉત્સવ છે. આપ બધા જાણો છો કે વૈજ્ઞાનીકોએ અણુ-પરમાણુની શોધ કરી. જો એક બોમ્બ ફૂટેને તો વિશ્વને ભસ્મ કરી શકે છે. કારણ કે નરમાં નારાયણની શક્તિ છે. એ જ રીતે માણસ જો ધારેને તો પોતે પરમાત્મા બની શકે ને બીજાને પણ પરમાત્મા બનાવી શકે. નહી તો શું થાય કે પોતે દુઃખી થાય અને બીજાને દુઃખી કરે, પરમાત્માએ શક્તિ આપી છે તો બીજાનો વિનાશ પણ કરી શકે અને પરમાત્મા પણ બની શકીએ છીએ. સાચો સંત અને માણસ એને કહેવાય કે જે પોતાનો ઉપયોગ સમાજ માટે કરે. ગુરુ મહારાજની પૂજા કરી છે સત્સંગનો લાભ લીધો છે. તો જો બીજાને મદદરૂપ થવાની, બીજાનું રક્ષણ કરવાની ભાવના જાગે તો સમજવું કે કંઈ સત્સંગનો પ્રભાવ પડયો છે. સારા સંકલ્પને યાદ કરવાનો દિવસ

એ ગુરુ પૂર્ણિમા છે. જેને (આપણને જ્ઞાન) આપ્યું છે. તેને વંદન કરવા માટેનો આ દિવસ છે. જયાં પણ નાનામાં નાની જગ્યાએથી, ખોટા કામથી આપણને પાછા વાળે એ આપણો ગુરુ કહેવાય અને આપણે સ્મરણ કરીએ કે મને ખોટા રસ્તેથી પાછો વાળ્યો હતો અને સાચે રસ્તે વાળ્યો અને તે જ માર્ગે આપણે ચાલીએ એને યાદ કરવાનો દિવસ હોય તો તે ગુરુપૂર્ણિમા છે. આજથી સુંદર ચાતુર્માસના દિવસો આવે છે. આપ જાણો છો કે જયારે એનો એ (રમજાન) મહિનો આવે ત્યારે એ પાણી તક ન પીવે એમ આપણે ચાતુર્માસના દિવસો આવે તો આપણે શું કરવું જોઈએ ? ઘણી જુની બહેનો એવો સંકલ્પ કરે કે હું કોઈ અતિથીને જમાડયા વગર જમીશ નહીં. આપણા વેદોમાં કહ્યું છે કે **'અતિથિ દેવો ભવઃ'** આ ચાતુર્માસનો મહિમા કહું છું ઘણાં બધા ભાઈઓનો એવો સંકલ્પ હોય કે આ પુણ્ય દિવસોમાં આ અનાથ આશ્રમમાં હું આ રીતે ભોજન કરાવીશ. આ દિવસોમાં હું સત્યનું પાલન કરીશ, જે મારુ માનતા હોય તે લોકોને હું સારા માર્ગે વાળીશ, આ દિવસોમાં હું ખોટા કામ નહીં કરું, મન-વચન અને કર્મથી એક નિષ્ઠ રહીશ, હું નિરંતર ભગવાનની કથા સાંભળીશ, હું એક જ ટાઈમ જમીશ, રોજ આશ્રમે જઈશ, આવા નિયમો લેવા જોઈએ. અત્યારે ભલે આપણે આર્થિક રીતે સુખી થયા હોઈએ પણ મનથી સુખી થઈ શકતા નથી. પરમાત્માની કૃપા હોય તો પેલા પરમાત્માનું સ્મરણ કરજો. તમે ઘરની અંદર સંકલ્પ કરો કે હું ઊઠીને પેલા ભગવાનનું જ નામ લઈશ પછી જ બીજાનું નામ લઈશ.

આ બધું આપણે જયારે કહેવું પડે કે આમાં બાળકોને લાવજો તો એમાં કોનો વાંક ?... (માતા-પિતાનો) કોઈ મંદિરમાં જઈ. આશ્રમમાં જઈ સેવા કરીશું તો બીજા પણ કરશે. જો આપણે કંઈ ન કરતા હોઈએ તો માત્ર ઢોલ ટીપીને કંઈ ન થાય. જો બીજો કોઈ સંકલ્પ ન કરી શકીએ તો હું ભગવાનનું સ્મરણ કરીશ એટલો સંકલ્પ કરીશું તો પણ બીજાને પ્રેરણા મળે આ સાથે પ્રભુ બધાના સંકલ્પ સિદ્ધ કરે એ પ્રાર્થના કરીએ...

# જય સચ્ચિદાનંદ

**પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ**

પ્રિય સજ્જનો,

બાર મહિનામાં બાર પૂનમ આવે એમાં અષાઢ મહિનાની પુનમ એ ગુરુ પૂર્ણિમા કહેવાય. શાસ્ત્રોની અંદર સ્વયં ભગવાનની વાણી છે કે ગુરુજીનું મહાત્મ્ય બહુ છે, જો ગુરુનું માનતા હોય તો,

**''યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી''**

આપણે બોલીએ છીએ કે **'ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ...'** ગુરુ એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશથી પર છે. આ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહે છે. દરેકની આશા ને તૃષ્ણા વધતી જ જાય છે. એ પૂરી ન થાય એટલે ખોટા કર્મ કરે. સાચા-ખોટા કર્મ કરીને શું ઈચ્છે ?.... કે સુખની ઈચ્છા કરે તો સુખ ક્યા છે ?

**હૃદયમાં વસ્તુ છે અણમોલી**

એક કિસાન ખેતરમાં ગયેલા જાર-બાજરી વાવેલી હતી. તો ગોફણમાં પથ્થર મૂકી અને પક્ષી ઉડાડે તો એનો છોકરો એકવાર ભાતુ લઈને આવ્યો અને એ ચમકતા પથ્થર જોયા તો એ પથ્થર લઈને ઘરે આવ્યો તો કોઈ સોની રસ્તામાં એને જોઈ ગયો તો તેના ઘરે જઈને તેની માતાને કહ્યું કે આ પથ્થર વેચવા છે. તો તે કહે કે કેટલા રૂપિયા આપશો ? તો સોની કહે બે લાખ રૂપિયા આપીશ તો તેણે પથ્થર વેચી દીધા. પેલો છોકરો રોજ ભાતામાં નવા નવા પકવાન લઈને જાય તો તેણે પૂછ્યું કે ઘરમાં કાંઈ નથી ને આ રોજ નવા નવા પકવાન કેમ આવે છે ? તો છોકરો કહેવા લાગ્યો કે પિતાજી ! આ જે ચમકતા પથ્થર હું ઘરે લઈ ગયો હતો તે વેચી દીધા તેના બે લાખ રૂપીયા આવ્યા તો પેલો ખેડુત નિરાશ થઈને કહેવા લાગ્યો કે આવા ચમકવાળા પથ્થર તો મેં કેટલાય પાણીમાં ફેંકી દીધા.

આપણે કોઈ દિવસ સત્સંગમાં ન જતાં હોય અને કયારેક જઈએ અને એ સત્સંગ લાગી જાયને તો મોટો પસ્તાવો થાય કે આ મારા દિવસો ને દિવસો, વર્ષો ને વર્ષો એમ જ વૃથા વીતી ગયા.

શિવોહં સાગરજી મહારાજ ખૂબ કહેતા કે બંગલા ગાડી બધુ કર્યુ પણ ભાતુ બાંધ્યુ છે ? ઘણાં એમ કહે કે ગુંડામાં ગુંડો હોય ને એ સુખી થાય અને ભક્તિ કરે એ દુઃખી થાય છે. એ સુખી થાય પણ કેટલી ઘણી ? પરપોટો ફુટતા કેટલી વાર લાગે ? પુણ્ય

હોય ત્યાં સુધી ભોગવે અને પૂણ્ય પૂરા થાય એટલે રોડપતિ થઈ જાય. ભક્તિમાં કસોટી ભગવાન જરૂર કરે પણ તેનો બેડો પાર થઈ જાય. કાલે કરીશું, કાલે કરીશું, કાલ પડે કયારે ?

ધર્મરાજ પાસે કોઈ દાન લેવા ગયું તો તે કહે કે કાલે આવજે. એટલું સાંભળી ભીમ તો ઢોલ-નગારા વગાડવા લાગ્યા. (ઢોલ-નગારા તો જયારે વિજય થયો હોય ત્યારે જ વગાડાય.) તો ધર્મરાજ કહેવા લાગ્યા કે કેમ ઢોલ વગાડે છે ? તો ભીમ કહેવા લાગ્યા કે મોટાભાઈ ! કાલે તમે છો જ એવું નક્કી થઈ ગયું એટલે તો ધર્મરાજ સમજી ગયા. પેલાને પાછો બોલાવ્યો અને દાન આપ્યુ. એટલે જ કરવું હોય તે અત્યારથી કરો, કોઈ આવશે સાથે ? કોઈ હારે આવતું નથી. જે કરવાનું છે તે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરો અને તે ગુરુ વીના પ્રાપ્ત થતું નથી.

વ્યાસ મહારાજે કેટલાય ગ્રંથો લખ્યા. વ્યાકરણ, મિમાંસા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર લખ્યા છતાં તેને એમ થયું કે હજુ મારું કંઈ બાકી રહી ગયું છે. આટલા ગ્રંથો લખ્યા છતાં ભી વ્યાસ મહારાજના મનમાં ચિંતા સતાવે છે. ગમે એટલું લખે પણ મનમાં અહં થઈ જાય તો પડતા વાર લાગતી નથી. ગમે એટલું ધન મળે ગમે તે મળે તો પણ અહં આવવું જોઈએ નહીં. કર્મ સારું કરો નિષ્કામ ભાવથી કરો વ્યાસજી વિચારે છે કે કંઈક ખૂટે છે. એટલામાં નારાયણ, નારાયણ કરતા નારદજી આવ્યા અને કહ્યું કે હે પરાશરના પુત્ર ! આટઆટલા ગ્રંથો લખ્યા છતાં ભી ચિંતામાં કેમ છો ? ચિંતા છુટી જાયને તો બધુ છુટી જાય. વ્યાસજીએ કહ્યું કે હે મહારાજ ! આટલા શાસ્ત્રો લખ્યા છતાં મને શાંતિ નથી ગુરુ મહારાજના દર્શન થાયને તો કેટલો આનંદ થાય. સંતોની સેવા એ ખૂબ દુર્લભ છે. પુણ્યનો ઉદય થાયને તો ઘરે સંત પધારે અને સેવાનો મોકો મળે. નારદજી કહેવા લાગ્યા કે આટલા ગ્રંથો તમે લખ્યા પરંતુ ભગ. કૃષ્ણના ગુણગાન તમે ગાયા નથી. તો શ્રીમદ્ ભાગવતની રચના કરો. વ્યાસજી સાક્ષાત ભગવાનનો અવતાર છે છતાં નમ્રતાથી કહે છે કે હા, મેં પ્રભુના ગુણગાન ગાયા નથી. તરત સ્વીકાર કરી લીધું. જો ભૂલ સ્વીકાર કરો તો દેવતા બની જાવ. ચાતુર્માસમાં શ્રીમદ્ ભાગવતથી કથા જરૂર સાંભળો બે મહિના ઉપવાસ કરો, એકટાણા કરો એ ના થાય, પૈસા નથી દાન ન થાય તો સારી ભાવનાથી મંદિરમાં જાવ, કથામાં જાવ. એક ભાવથી સત્સંગ કરો તો જીવન સુધરી જાય.

એક વાર નારદજીએ ભગવાનને કહ્યું કે સત્સંગનો મહિમા શું ? તો ભગવાન કહે કે, જા, પોપટનું બચ્ચું તને કહેશે તો નારદજી ત્યાં જઈને સત્સંગ કર્યો તો બચ્ચુ મરી ગયું તો પાછા ભગવાન પાસે ગયા તો કહે કે ગાયનું વાછરડું તેને જવાબ આપશે. તો ત્યાં ગયા અને સત્સંગ કર્યો તો તે પણ મરી ગયું ફરી ભગવાન પાસે ગયા તો કહે કે, જા, હવે રાજાનો કુંવર તને કહેશે તો તેઓ ત્યાં ગયા તો રાજ કુંવર કહેવા લાગ્યો કે હે નારદજી ! આ જ સત્સંગનો મહિમા છે કે એ ગાયનો વાછરડો પણ હું હતો અને પોપટનું બચ્ચું પણ હું જ હતો.

ગુરુની આજ્ઞાનું પાલન કરવું એ મોટામાં મોટી સેવા છે. જીવનભર સેવા કરી અને એક વાર આજ્ઞાનું પાલન ન કરો તો બધું જ.... ત્રણ કાળમાં જેનો નાશ થતો નથી એ ગુરુ પાસેથી આપણને જ્ઞાન મળ્યું છે આત્મા પેલા હતો અત્યારે છે ને પછી રહેવાનો છે એવું જીવન જીવો કે બસ પુરું થઈ જાય ફરી આવવું ન પડે.

પેલા તો આપણી પરંપરા જાણવી જોઈએ. સૌથી પૈલા પ.પૂ. માધવાનંદજી મહારાજ થઈ ગયા. તેમના શિષ્ય પૂ. આનંદ ગિરિજી મહારાજ (શાસ્ત્રી સ્વામી) અને પૂ. શિવાનંદજી મહારાજ તેમના શિષ્ય પૂ. આત્માનંદજી મહારાજ, પ.પૂ. ચિદાનંદજી મહારાજ અને પૂ. નાગેશ્વરાનંદજી મહારાજ અને પ.પૂ. ચિદાનંદજી મહારાજના શિષ્ય પ. પૂ. શિવોહં સાગરજી મહારાજ તેમના શિષ્યો પ.પૂ. ચિદ્‌ઘનાનંદજી મહારાજ, પ.પૂ. સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ, બલદેવાનંદજી અને બ્ર. કૃષ્ણાનંદજી મહારાજ અને પૂ. સ્વામીજીના આ દસ શિષ્યો આપણી પરંપરા વેદાંત શંકરાચાર્યની પરંપરા છે. **'ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરુભ્યો નમઃ'** એ આપણો મંત્ર છે જે સંતો તમને સામે કહે છે.

સંતોની આજ્ઞાનું આપણે પાલન કરીએ જેમ બને તેમ રાગ-દ્વેષ છોડી એક થઈને રહીએ આપણને સદા આશિર્વાદ મળતા રહે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ.....

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણ મુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણ માદાય પૂર્ણ મેવાવશિષ્યતે ॥**
ૐ શાંતિઃ । શાંતિઃ ॥ શાંતિઃ ॥।

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પ્રિય સજ્જનો, ઉપનિષદોમાં કઠોપનિષદનું મંગલાચરણ છે. **''ૐ સહ નાવવતુ ।''** ૐ નો અભિપ્રાય છે સચ્ચિદાનંદ પરમાત્મા. ૐ માં 'અ' કાર, 'ઉ' કાર અને 'મ' કાર ત્રણ માત્રા અને 'અર્ધ' માત્રા. 'અ', 'ઉ' અને 'મ' એ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે, એ જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર છે. એ જ 'ભૂ:', 'ભૂવ:' અને 'સ્વ:' છે **'ઓમિત્યેતત્જગત્સર્વમ્'** ૐ ની અંદર આખું વિશ્વ આવી જાય. જડ અને ચેતન, સ્થાવર અને જંગમ પૂર્ણ વિશ્વનું પ્રતિક ૐ છે એટલા માટે-

**ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ, વ્યાહરન્મામનુસ્મરન્,**
**યઃ પ્રયાતિ ત્યજન્દેહં, સ યાતિ પરમાં ગતિમ્.**

(ગીતા અ.-૮-૧૩)

આનંદકંદ ભગવાન શ્રી કૃષ્ણચંદ્રજીએ આઠમાં અધ્યાયમાં કહ્યું "ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ" "ૐ" જે એક નામ લે એટલે 'ૐ ગુરુ' 'ૐ ગુરુ' કરે અર્જુનના ગુરુ ભગવાન શ્રીકૃષ્ણ છે એટલે ૐ અને પાછળ ગુરુનું જે સ્મરણ કરે એટલે સગુણ અને નિર્ગુણ બેય થઈ જાય સગુણ સદ્‌ગુરુ છે.

**ગુરુસાક્ષાત્ પરં બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ**

એટલા માટે 'ૐ ગુરુ', 'ૐ ગુરુ', 'ૐ ગુરુ' એમ નિરંતર ઉચ્ચારણ કરતું રહેવું એ મહામંત્ર છે.

**'ગુરૂગીતાક્ષરૈકૈકં મંત્રરાજમિદં પ્રિયે'**

ગુરુગીતાનો એક એક અક્ષર મંત્ર સમાન છે. 'ગુરુ' એ પણ એક મહામંત્ર છે. ૐ એ પરમાત્માનું સ્વરૂપ છે. એ નિર્ગુણ નિરાકાર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. **ૐ સ હ નાવવતુ** - સ હ નૌ અવતુ - સ એટલે પરમાત્મા 'સ 'નો ગુજરાતીમાં અર્થ થાય છે 'તે'. 'તે' નો અર્થ થાય છે બધા કરતા પહેલો. આખા વિશ્વની પહેલા જે હોય તેને 'તે' કહેવાય. તેને 'તત્' ય પણ કહેવાય. **'તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ'** એટલે ગાયત્રી મંત્રમાં **'तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि, धियो योनः प्रचोदयात् ।'** એટલે જે મૂળતત્ત્વ છે તેને **'तत्त्स'** કહેવાય. તેને 'તત્' ય કહેવાય ને 'સત્' ય કહેવાય ને ૐ ય કહેવાય.

**'ૐ તત્ત્સદિતિ બ્રહ્મણો રૂપં'** એમ ગીતામાં શ્રી ભગવાને કહ્યું છે. "ૐ તત્ અને સત્" એ ત્રણેય બ્રહ્મના સ્વરૂપ છે. બ્રહ્મ એટલે પૂર્ણ. આખા વિશ્વની અંદર ઓતપ્રોત હોય તેને પૂર્ણ કહેવાય. 'ૐ' કહેવાથી પણ આખું વિશ્વ આવે. 'તત' કહેવાથી પણ આખું વિશ્વ આવી જાય. કેમ કે આખું વિશ્વ પહેલાથી જ પરમાત્મામાં છે છે ને છે. એટલા માટે **ૐ સ** એટલે જે ૐ સ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ જે પરમાત્મા છે તે **હ** એટલે 'નક્કી' **''ના અવતુ''** 'નૌ' એટલે **'अस्माकं अवतु ।'** અમારી બધાની રક્ષા કરો. આપણી બધાની રક્ષા કરે એવી પરમાત્માને પ્રાર્થના કરવામાં આવી. તો 'આનંદ પ્રદાનેન રક્ષતુ' 'શક્તિ પ્રદાનેન રક્ષતુ', 'બુદ્ધિ પ્રદાનેન રક્ષતુ' 'સર્વ પ્રદાનેન રક્ષતુ' સર્વ પ્રકારથી સર્વ પ્રકારના પદાર્થો પ્રદાન કરી અમારી રક્ષા કરે. **सह** એટલે 'સાથે' એમ પણ અર્થ થાય. અમારી બંનેની સાથે રક્ષા કરો. એમ ભેગા અક્ષરો વાંચો **'सह'** એટલે 'સાથે' થાય. જુદા જુદા 'સ' અને 'હ' કરો તો તે પરમાત્મા નક્કી અમારી બધાની રક્ષા કરો.

**ૐ સહ નાવવતુ । સહ નૌ ભુનક્તુ ।**

સ અને હ જુદા પાડો તો તે પરમાત્મા નક્કી અમને **'भुनक्तु'** એટલે **'ब्रह्मानंदं भोजयतु ।'** અમને બધાને બ્રહ્માનંદ પ્રદાન કરો, ભોગવાવો, વિષયનો આનંદ તો ઘણાં જન્મો લીધો પણ બ્રહ્માનંદ લેવાનો બાકી છે.

**બ્રહ્માનંદનું મહાસુખ મેલી,**
**વિષયાનંદને ધાયા જોને,**
**સુધાનંદનો સિંધુ ત્યાગી,**
**મૃગતૃષ્ણામાં ન્હાયા જોને.**

(રામદાસજી)

બ્રહ્માનંદનું મહાન જે સુખ એ આપણને **'भोजयतु'** એમ ભગવાનને પ્રાર્થના કરીએ. 'હે ભગવાન ! અમને બ્રહ્માનંદ ભોગવાવો.' વિષયનો ભોગ ઘણા જન્મો સુધી લીધો. વિષયના ભોગથી તો જન્મ-મરણનો મોટો રોગ ઊભો થયો.

**સુખતઃ ક્રિયતે રામાભોગઃ**
**પચ્ચાદ્ ધન્તઃ શરીરે રોગઃ**
**યદ્યપિ લોકે મરણં શરણં**
**તદપિ ન મુંચતિ પાપા ચરણમ્**
**ભજગોવિંદં......**

**'भोगे रोग भयं ।'** જગતનાં ભોગમાં તો જન્મ-મરણનો મોટો રોગનો ભય છે.

**પુનરપિ જનનં પુનરપિ મરણં,**
**પુનરપિ જનની જઠરે શયનમ્.**

(ચર્પટ પંજરીકા)

એટલા માટે ભગવાનને પ્રાર્થના કરો કે 'હે ભગવાન ! અમને બંને શિષ્ય અને ગુરુ બંનેને બ્રહ્માનંદ ભોજયતું ।'

**ॐ सह नाववतु । स ह नौ भुनक्तु ।**
**सह वीर्यं वीरवाहै ।**

અને 'હે પરમાત્મા, અમને બંનેને સાથે શક્તિવાળા બનાવો.' 'બ્રહ્માનંદની શક્તિવાળા', 'પરોપકાર કરવાની શક્તિવાળા', 'આનંદ લેવામાં ને દેવાની શક્તિવાળા' ઘણીવાર ઘરમાં ખાવાનું હોય પણ પચે એવું ન હોય તો ખાધેલું પણ પડયું રહે એમ બ્રહ્માનંદ હોય પણ બ્રહ્માનંદ લેવાની શક્તિ ન હોય, સામર્થ્ય ન હોય, પાત્રતા ન હોય તો પણ લઈ ન શકાય. ભગવાન તો આપણને બ્રહ્માનંદ દેવા તૈયાર હોય પણ આપણી પાત્રતા ન હોય તો ! બ્રહ્માનંદ લેવાની યોગ્યતા પણ આપણામાં હોવી જોઈએ.

**સાકૂટને સંગત કેમ ગમશે,**
**ઊંધે ઘડે તે ઉદક કેમ ભરશે**
**એમ પાત્ર વિના રસ કેમ ઠરશે, અજ્ઞાની જીવ...**
**નિત્ય દમે શરીર (૨),**
**પ્રભુ મળવાનો મારગ તોય જડે નહીં.**
**જેમ પથ્થર પાણી નવ પરસે,**
**ત્હેને ટાંકે તો અગ્નિ વરસે**
**એવા સાકૂટને પ્રભુ કેમ દરસે, અજ્ઞાની જીવ...**
**એક મેડક પંકજ પાસ રહે,**
**તે કમળતણી વાસ નવ લહે,**
**વાસ કમળતણી તો ભમર લહે,**
**અજ્ઞાની જીવ...**

(સ્વામી પ્રિતમદાસજી)

જેમ કોઈ ભોજન આપે પણ પચતું ન હોય એને લાભ ન કરે, કોઈ રૂપ આપે પણ આંખ ન હોય તો જોઈ શકાય નહીં, ભમરાને જેમ કમળ ગમે છે પણ દેડકાને કમળ ગમતું નથી તો કોઈ કમળ આપે, કમળ સરોવરમાં હોય તો પણ દેડકાઓ લાભ લઈ શકતા નથી. એમ પાત્રતા વગર, યોગ્યતા વગર, સામર્થ્ય વગર, બ્રહ્માનંદ ભોગવાતો નથી કેમ કે-

**પામર પ્રભુરસ તે શું પીવે ?**
**પીવે પ્રભુના રે જન (૨)પામર પ્રભુરસ.....**
**ખર શું ખાંઈ જાણે ખીરને,મલકે ઉકરડે મન (૨)**
**પાનનાં બિડાં શા પાડાને,પાડો ભરખે પરાળ (૨)**

**પામર પ્રભુરસ.. પ્રભુરસ પ્રભુજન પી શકે...**

(ઋષિરાજ)

જે પરમાત્માના બને તે પરમાત્માનો રસ પી શકે. એટલા માટે પરમાત્મા સામર્થ્યવાન છે. તો આપણે પણ સામર્થ્યવાન, વીર્યવાન બનીએ એવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવી કે **'सह वीर्यं करवावहै'** - 'હે પરમાત્મા, અમને તાકાતવાન, શક્તિવાન, વીર્યવાન બનાવો જેથી અમે બ્રહ્માનંદને ભોગવવામાં સમર્થ બનીએ.' કેમ કે જયાં સુધી યોગ્યતા ન હોય, પાત્રતા ન હોય ત્યાં સુધી તેનો રસ લઈ શકાતો નથી. એટલે ભગવાનને પ્રાર્થના કરીએ કે **'सह वीर्यं करवावहै ।'** હે પરમાત્મા, અમે સામર્થ્યવાન, યોગ્યવાન, સાધનવાન બનીએ જેથી પરમાત્માનો પરમ આનંદ ભોગવી શકીએ અને બીજાને ભોગવાવી પણ શકીએ. લઈએ અને બીજાને દઈ પણ શકીએ. દેવાનું સામર્થ્ય પણ આપણામાં આવે તો પરમાત્માને પ્રાર્થના કરીએ, 'હે પરમાત્મા ! હે ભગવાન ! અમારી સાથે રક્ષા કરો, અમને સાથે બ્રહ્માનંદ ભોગવાવો, અમને તાકાતવાન, વીર્યવાન શકિતવાન બનાવો' પછી-

**'तेजस्विनावधीतमस्तु'** આ અભ્યાસ કરવાના પ્રસંગમાં ઉપનિષદો શીખવામાં પહેલા મંગલાચરણ છે એટલે કહે છે અમારું **'अधीत्तम तेजस्विम् अस्तु ।'** 'હે ભગવાન ! અમારું ભણેલું તેજસ્વી થાઓ.' તો ભણેલું તેજસ્વી થવાનો મતલબ છે કે તેજસ્વી એ ભણેલો કહેવાય કે પોતે ભણે અને બીજાને ભણાવી શકે, પોતે સમજે ને બીજાને સમજાવી શકે. પોતે એકલું સમજે તે સમજ્યો કહેવાય પણ તેજસ્વી થયો ન કહેવાય. એટલા માટે તેજસ્વી બનવું એટલે પોતે ભણી અને બીજાને ભણાવી શકવું. એટલે રોજ અભ્યાસ કરવો કે તમે પોતે સમજ્યાં એટલે પાર નહીં પણ બીજાને સમજાવી શકોને ત્યારે સાચું સમજ્યા કહેવાવ. એટલે રોજ કોઈકને શિખવાડવાનો અભ્યાસ કરવો. શું કરવુ ? બોલો. વિદ્યા દેવાથી વધે છે, પડી રહેવાથી વધતી નથી.

**अपूर्वःकोऽपि कोषोऽयं द्रश्यते तव भारती ।**
**व्ययतो वृद्धिमायाति क्षयमायाति संचयात् ॥**

કે

**સરસ્વતી કે ભંડાર કી, બડી અપૂર્વ બાત,**
**જ્યોં જ્યોં ખરચે ત્યોં ત્યોં બઢે,**
**બીન ખરચે ઘટી જાય.**

સરસ્વતીના ભંડારની અપૂર્વ વાત છે. અપૂર્વ એટલે બીજા કરતાં જૂદો ભાગ છે. સંસારનો ખજાનો વાપરો એમ ખૂટે પણ વિદ્યાનો ખજાનો જેમ જેમ વાપરો તેમ વધતો જાય. એટલે રોજ કોઈકને બે શબ્દ શિખવાડવાની ટેવ પાડવી. સારા શબ્દો આગ્રહથી નહીં પ્રેમથી, અભિમાનથી નહીં પણ નમ્રતાથી, સરળતાથી કોઈકને શિખવાડશો તો તેની અંદર હૃદયમાં ઉતરી જશે અને આપણો અભ્યાસ પણ વધતો જશે એટલે ભગવાનને પ્રાર્થના કરો કે 'હે ભગવાન ! અમારું ભણેલું તેજસ્વી થાય.' તેજનો અભિપ્રાય છે. પોતે તરે ને બીજાને તારે. જેમ પ્રકાશ-સૂર્ય હોયને પોતે અજવાળું લે ને બીજાને અજવાળું આપે એ તેજસ્વી કહેવાય. એને પારકા અંજવાળાની જરૂર ન પડે એમ આપણું ભણેલું એવું તેજસ્વી થાઓ કે બીજાના જ્ઞાનની જરૂર ન પડે ને બીજાને જ્ઞાન આપી શકીએ.

એટલે ભગવાનને કહીએ કે હે પરમાત્મા ! અમારું ભણેલું **'नो अधीतम् तेजस्वि अस्तु ।'** **'नो'** એટલે 'અમારું' અને **अधीतम्** એટલે 'ભણેલું.' **तेजस्वी अस्तु** એટલે 'તેજસ્વી થાઓ.''હે પરમાત્મા! અમારૂં ભણેલું તેજસ્વી થાઓ' આ પ્રાર્થના પરમાત્માને કરી પછી આગળ કહ્યું કે **'मा विद्विषा वहै ।'** 'હે પરમાત્મા ! અમારે સામસામે વિદ્વેષ ન થાય. અમારામાં નોખાપણું, ભેદપણું ન રહે. અખંડ, અભેદ, અદ્વૈત ભાવ આવે. જયાં સુધી મારું-તારું રહે ત્યાં સુધી વિદ્વેષ રહે.'

**मैं अरु तोर मोर यह माया,**
**तावश यह जीव कहाया**

એટલે ભગવાનની પાસે કે ગુરુની પાસે ભેદ મટાડી દેવો કે 'ભેદ મિટાવો દુજા' **'शिवो भूत्वा शिवं यजेद् ।'** કે શિવ થઈને શિવનું પૂજન કરવુ, જુદા પણું રાખીને નહીં ! નદી સાગરમાં ભળેને તો સાગર બને, જો દુર દુર ભાગે તો સાગર ન બને, એમ શિષ્યને ગુરુની સાથે એક થવુ.

**સદ્ગુરૂ ચરણે જે જઈ, શિષ્ય ગુરુનો થાય;**
**જળ મલિન ગંગા ભળે, નદી સમુદ્ર ન્યાય.**
**સચ્ચિદ્આનંદ રૂપે, થઈ જગતમાં વ્યાપશે રે...**
**સરિતા દરિયે જઈ ભળે, સરિતા નામ બુઝાય;**
**મહિમા શ્રીગુરુ દેવનો, મુખથી કહ્યો ન જાય.**

(ગુરુભક્ત શ્રીજગન્નાથ કૃત)

તો 'ગુરુ સાક્ષાત્ પરં બ્રહ્મ' એમ માનીને સદ્ગુરુને શરણે તન, મન, ધનથી એક થઈ જવું.

**તન મન ધન જેણે સોપીયું, સદ્ગુરુને હાથ;**
**કહે પ્રીતમ તે પામીયા, બ્રહ્મપદનો રે સાથ,**
**...સાંભળ શુદ્ધ ચિત્તે કરી,**
**તજશે આપું આપદા, ભજશે પૂરણ બ્રહ્મ;**
**પલકમાંહી પ્રલે થશે, કોટી જનમનાં કર્મ.**

(સ્વામી પ્રિતમદાસજી)

કરોડો જન્મો ભેદ બુદ્ધિથી થયેલા છે એટલા માટે મારું-તારું છોડીને એક રસ થવુ. પરમાત્માની સાથે, ગુરુની સાથે જ્યાં જ્યાં સબંધ કરવાનો હોય ત્યાં એકરસ થાવ તો સુખ આવશે. ઘણાં પતિ-પત્નિમાં ૩૬ નો આંકડો હોયને તો સુખ ન થાય. ગુરુ-શિષ્યમાં એકતા ન હોય તો સુખ ન થાય. ભગવાનની સાથે મારું-તારું જ્યાં સુધી હોય ત્યાં સુધી ભક્તિનો આનંદ મળતો નથી. એટલા માટે-

**અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્,**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ**

(શ્રીગુરુગીતા)

અખંડ રૂપે જોવુ, અખંડ રૂપે થવુ, અખંડમાં લીન થવુ.

**અખંડ સ્વરૂપે હરિને ઓળખ્યા રે,**
**સરીયા મારાં સઘળાં કાજ રે;**
**સદ્ગુરુને શરણે આવતા રે .**
**તિમિર હતાં તે મારા ટળી ગયા રે.**
**ઉદયો છે જ્ઞાન કેરો ભાંણ રે...**
**સદ્ગુરુને શરણે આવતા રે.**
**આનંદ વાધ્યોને રંગ ઉલટયો રે,**
**પ્રગટયા છે પૂરણ બ્રહ્મ રે, સદ્ગુરૂને....**

(આનન્દ કૃત)

**'मा विद्विषावहै ।'** હે પરમાત્મા ! અમે પરસ્પર વિદ્વેષ ન કરીએ એટલે જુદાપણું ન માનીએ. એક અખંડ બ્રહ્મભાવ દૃઢ કરીએ. સર્વમાં એક સચ્ચિદાનંદ પ્રભુ ભરપૂર છે એવી ભાવના દૃઢ કરીએ.

**સત્ ચિત આનંદ સર્વમાં, ભરી રહ્યો ભરપૂર;**
**દિન રજની રહે રંગમાં, નિર્મળ વરસે નુર.**
**લાલી મેરે લાલકી જીત દેખું તીત લાલ,**
**લાલી દેખન મૈં ગઈ, મૈં ભી હો ગઈ લાલ.**

(પ્રિતમદાસજી)

તો નદી સાગરમાં ભળીને જેમ સાગર થઈ જાય.

**यथा नद्यः स्यन्दमानाः समुद्रे-**
**ऽस्तं गच्छन्ति नामरूपे विहाय ।**
**तथा विद्वान्नामरूपाद्विमुक्तः**
**परात्परं पुरूषमुपैति दिव्यम् ॥**

(મુંડકોપનિષદ-૩-૨-૮)

મુંડકોપનીષદમાં કહ્યું છે કે જેવી રીતે નદીઓ સાગરમાં ભળીને સાગરરૂપ બની જાય છે. પોતાનુ નર્મદા, તાપી, ગોદાવરી, ગંગા નામ છોડી જાય છે. એમ વિદ્વાન પુરુષો 'હું બ્રાહ્મણ છું' 'સંન્યાસી છું', 'હું ગૃહસ્થ છું', 'હું જાડો છું', 'પાતળો છુ' એ બધા નામ-રૂપ-ગુણને છોડી અને **'ચિદાનંદરૂપઃ શિવોહં શિવોહમ્'** શિવમાં લીન થઈ જાય છે. જુદાપણું મટાડી દે છે રોજ એવો અભ્યાસ કરવો કે 'ચિદાનંદરૂપઃ શિવોહં શિવોહમ્' તો શિવ થઈને શિવમય થઈને શિવાનંદમાં, બ્રહ્માનંદમાં મસ્ત થવાય છે. તો આ રીતે આપણે શાંતિપાઠ કરતા આગળ કહે છે-

**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥**

જો આ સમજણ આવેને તો શાંતિ શાંતિ ને શાંતિ થઈ જાય, નકર પછી અશાંતિ ઊભી છે છે ને છે. તો ત્રણવાર શાંતિપાઠ કરીને બતાવ્યું કે આલોકનું ને પરલોકનું ત્રણેય લોકમાં શાંતિ થઈ જાય અર્થાત્ આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક ત્રણેય પ્રકારના તાપની શાંતિ થઈ જાય. સર્વ જીવોને શાંતિ મળે. તમને, મને ને આ દુનિયાના બધાને શાંતિ મળે. એટલા માટે પણ ત્રણ પ્રકારની શાંતિ છે. કેમ કે 'ત્વં', 'અહમ્' અને 'જગત' સર્વને શાંતિ મળે એમ મુખ્ય અભિપ્રાય છે. સર્વત્ર સર્વ પ્રકારે શાંતિ શાંતિ ને શાંતિ છે તો કેમ મળે ? તો ન સમજે ત્યાં સુધી નથી. સમજે ત્યાંથી શાંતિ છે. એવો અભિપ્રાય દૃઢ કરવો. સર્વત્ર શાંતિ શાંતિ ને શાંતિ છે. અશાંતિ એને છે જેને મારું-તારું છે. જયારે બધુ જ બ્રહ્મરૂપ છે. એમ સમજે તેને શાંતિ શાંતિ ને શાંતિ છે. એટલા માટે સર્વત્ર બ્રહ્મ દર્શન કરવાની ટેવ પાડવી. 'ભેદ મિટાવો દુજા' તો કે બીજો ભેદ મટાડી દેવો આગળ-પાછળ, ઉપર-નીચે બધે એક પરમાત્મા રમી રહેલા છે.

**जले विष्णुः थले विष्णुः पर्वत मस्तके ।**
**ज्वाला माला कुले विष्णुः सर्वं विष्णु मयं जगत् ॥**

**''હરિ વ્યાપક સર્વત્ર સમાના,**
**પ્રેમ સે પ્રગટ હોય હમ જાના.''**

(તુલસીદાસજી)

**આદ્ય તું અંત તું મધ્ય વ્યાપી રહ્યો,**
**કાર્યને કારણ તું જ કહાવે,**
**એક અદ્વૈત તું વિશ્વ વ્યાપી રહ્યો,**
**હરિહર બ્રહ્મા એમ ગાવે,**
**વેદ તો એમ કહે શ્રુતિ સ્મૃતિ સાખ્ય દે,**
**કનકને કુંડલનો ભેદ ન્હોએ.**
**ઘાટ ઘડીયા પછી નામ રૂપ જૂજવા,**
**અંતે તો હેમનું હેમ હોએ... અખિલ....**
**વટમાં બીજ છે બીજમાં વટ છે,**
**એ જ પટંતરો જોઉં પાસે,**
**ભણે નરસૈયો એ મનતણી શોધના,**
**પ્રીત કરું પ્રભુ પ્રેમે પ્રગટ થાશે... અખિલ...**

(નરસિંહ મહેતા)

**(ક્રમશઃ)**

## સાતવાર (રાગ-માધવ મહેર કરે)

**રજુઃ દેવરાજભાઈ વાલજીભાઈ**

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

આદિતે અવિદ્યા ત્યાગો-સુતા નર તમે જાગો,
સંસાર સુખથી ભાગો રે-ગુરૂશિવોહંસાગર મળીયા...૧
સોમે સાચુ બોલો-પ્રપંચ સઘળા મેલો,
થા ગુરૂશિવોહંસાગરજીનો ચેલો રે-ગુરૂશિવોહંસાગર મળીયા...૨
મંગળ મૂર્તિ તમારી-હૃદય કમળમાં ધારી,
નાથ લેજો ઉગારી રે-ગુરૂશિવોહંસાગર મળીયા...૩
બુધે બાહ્ય દ્રષ્ટિ ત્યાગી-બ્રહ્મમાં લગન લાગી,
ભ્રાન્તિ ભાગી રે--ગુરૂશિવોહંસાગર મળીયા...૪
ગુરૂ ગગન મંડળ ગાજે-અનહદ નાદ વાગે,
શુદ્ધ સ્વરૂપ જાગે રે-ગુરૂશિવોહંસાગર મળીયા...૫
શુક્ર સચ્ચિદાનંદ ગાવે-ગુરૂ માધવ દર્શન થાવે,
અખંડ જયોતિ જગાવે રે--ગુરૂશિવોહંસાગર મળીયા...૬
શનીએ શાન્તિ સ્થાપી-કૈવલ્ય મુક્તિ આપી,
જન્મ મરણ નાખ્યા કાપી રે-ગુરૂશિવોહંસાગર મળીયા...૭
સાતવાર વાલજી ગાવે-ગુરૂ ચરણમાં શીશ નમાવે,
દાસ થઈને રેવુ રે-ગુરૂશિવોહંસાગર મળીયા...૮

# પરમ લાભ

બ્ર. શ્રી હરીશાનંદજી મહારાજ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

ઉત્તમ લાભ એ કહેવાય કે જેના મળ્યા પછી બીજા કોઈ લાભની આશા રહે જ નહિ. જેને મેળવીને માનવ પૂર્ણ સંતોષનો અનુભવ કરે તો એવો લાભ કયો છે ? ભગવાન શ્રી કૃષ્ણ પોતાના પ્રિય ભક્ત ઉદ્ધવજીને કહે છે કે "લાભો મદ્ ભક્તિરુત્તમઃ" જીવને જો મારી ભક્તિ પ્રાપ્ત થાય તો એ ઉત્તમ લાભ છે. જીવ આ સંસારમાં જેને "લાભ" સમજી રાત દિવસ મથ્યા કરે છે. પરમાર્થમાં એ લાભનું કંઈ મૂલ્ય નથી. ઉલટાનું ધન થકી ધર્મને બદલે શત્રુઓની વૃદ્ધિ થાય છે. "પેટ ખૂબ ભરાય ત્યારે આળસ જાગે, પેટી ખૂબ ભરાય ત્યારે શત્રુઓ જાગે." એટલે વ્યક્તિએ હંમેશા જીવન ભક્તિ મય બને તેના માટે પ્રયત્ન કરવો જોઈએ. ભક્તિ એટલે પરમાત્માના ઈષ્ટદેવના સ્વરૂપમાં એક નિષ્ઠ થવું. લૌકિક કામનાના વમળમાં ફસાઈને પરમાત્માના અલગ-અલગ સ્વરૂપોની સાધના-ઉપાસના કરનાર એક નિષ્ઠ ભક્ત બની શકતો નથી. માટે ભક્તિમાર્ગમાં આગળ વધવા માટે લોભ, લાલચ, અસંતોષનો ત્યાગ કરી પ્રભુનું નામ સ્મરણ, કિર્તન તથા યથાશક્તિ ધ્યાનનો અભ્યાસ કરવો. ઉપરાંત સાંસારિક વાતો પ્રત્યે બેહરા બની જાઓ. સાંસારિક રુપરંગ પ્રત્યે અંધ બની જાઓ અને સાંસારિક વ્યવહાર જોઈ મૌન ધારણ કરી લ્યો. સતત આ પ્રકારના અભ્યાસ થકી મન ધીરે ધીરે અંતરમુખી થવા લાગશે, પ્રભુ પ્રત્યે દ્રઢ વિશ્વાસ શ્રદ્ધા ધરાવનાર, કર્મના સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખનાર ભક્ત પોતાના જીવનમાં આવનારા સુખ-દુઃખ પ્રત્યે, મુસાફરીમાં આવતા જતાં સ્ટેશનોની જેમ અલિપ્ત રહી સાધનાના માર્ગ તરફ આગળ વધી શકશે. સાંસારિક કામનાઓ આપો આપ શાંત થવા લાગશે. કારણ કે સંસારમાં કોઈ વસ્તુ ઉપર આપણે લક્ષ્ય આપીએ અર્થાત કે એ વસ્તુને મહત્ત્વ આપીએ ત્યારે એ વસ્તુ આપણને વળગે છે. અર્થાત્ કે આપણને એ વસ્તુમાં મોહ ઉત્પન્ન થાય છે અને એ મોહ જ આપણને બાંધે છે. બાકી જડ વસ્તુ એ પછી હિરો હોય કે સોનુ. "આપણને ઓળખતા જ નથી" આપણે એ વસ્તુની ઓળખાણ કરીને બેઠા છીએ - જેમ આવા પદાર્થોની ઓળખાણ વધુ તેમ જીવનમાંથી પરમાત્માનું મહત્વ પણ ઓછું - એટલે હંમેશા એવો પ્રયત્ન કરવો જોઈએ કે પાણીના પ્રવાહની જેમ વેગવાન કાળચક્ર આપણા આયુષ્યની દોરી કાપી નાખે એ પહેલા કંઈ વિશેષ "લાભ" પ્રાપ્ત કરી લઈએ. આ "પ્રાપ્તિ" એ સ્થૂળ અર્થમાં નથી, પ્રાપ્તિ એટલે વિવિધ તરંગોમાંથી મનને મુક્ત કરી, પરમાત્માના ચરણોમાં સ્થિર કરીએ. આ સ્થિરતા, નિષ્ઠા એ જ ઉત્તમ લાભ છે. શ્રીમદ્ ભાગવત્‌ના અગિયારમાં સ્કન્ધમા, ભિક્ષુગીતામાં કહ્યું છે કે

**''સમાહિતં યસ્ય મનઃ પ્રશાંતમ્**
**દાનાદિભિઃ હિં વદ તસ્ય કૃત્યમ્ ।**
**અસંયતં યસ્ય મનો વિનશ્યત્,**
**દાનાદિભિશ્ચેદ્ અપરં કિમેભિઃ ॥''**

તથા **પરોહિ યોગો મનસઃ સમાધિઃ ॥**

અર્થાત કે જેનુ મન પ્રભુ ચરણોમાં સ્થિર થઈ ગયું છે. માનો કે એમણે દાન વગેરેનું ફળ પ્રાપ્ત કરી જ લીધું છે. અને મન જેનું ચંચળ છે. આળસથી ઘેરાયેલું છે તે દાન વગેરે કરે તો તેનાંથી કંઈ વિશેષ લાભ તેને થવાનો નથી. માટે મનની સ્થિરતા માટે રોજનો થોડો થોડો ધ્યાનનો અભ્યાસ જરૂરી છે. ધ્યાન પ્રાણાયામ થકી મન સ્થિર થાય ત્યારે જ જીવનનો ઉત્તમ લાભ એવી ભક્તિ પ્રાપ્ત થાય છે. અન્યથા આ સિવાય કોઈ માર્ગ નથી. મહામુનિ શુખદેવજી રાજા પરિક્ષીત પ્રત્યે કહે છે કે હે રાજન્ ! ભગવાન શ્રી કૃષ્ણ સ્વયં પાંડવોના તથા યદુવંશીઓના રક્ષક, ગુરુ, ઈષ્ટદેવ તથા મિત્ર હતા. પ્રસંગોપાત અર્જુનના આજ્ઞાકારી સેવક બની જતા હતા. ભક્તોના ઘણા બધા કામ પણ કરીને ભક્તોને મુક્તિનું દાન પણ આપે છે. પરંતુ મુક્તિના સુખથી પણ શ્રેષ્ઠ ભક્તિનું સુખ જલ્દી નથી આપતા કારણ ભક્તિથી તો પ્રભુ સ્વયં ભક્તોના હાથે બંધાય જાય છે. જે રીતે કૃષ્ણ માઁ જશોદાના હાથે બંધાયા હતા તેમ.

**યં લબ્ધ્વા ચા પરં લાભં, મન્યતે નાધિકં તતઃ ।**
**યસ્મિન્ સ્થિતો ન દુઃખેન, ગુરુણાપિ વિચાલ્યતે ॥**

# ગુરુ ભક્તિ કેવી હોવી જોઈએ ?

સ્વામીશ્રી મોહનાનંદજી મહારાજ

મહર્ષિ આયોદ ધૌમ્ય પોતાની વિદ્યા, તપસ્યા અને વિલક્ષણ ઉદારતા માટે ઘણા પ્રસિદ્ધ છે. તેઓ બાહ્ય રીતે તો પોતાના શિષ્યો સાથે ઘણો કઠોર વ્યવહાર કરતા જણાતા હતા, વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ મહાન્ સંતો વજ્ર કરતાં પણ કઠોર હોય છે અને ફૂલ કરતા પણ વધારે કોમળ હોય છે,' એ ન્યાયે તેઓશ્રીનો સ્વભાવ હોય છે. પરતું આંતરિક રીતે પોતાના શિષ્યો પર તેમનો અપાર સ્નેહ હતો. તેઓશ્રી પોતાના શિષ્યોને અત્યંત સુપાત્ર બનાવવા ઈચ્છતા હતા. તેથી જેઓ જ્ઞાનના સાચા જિજ્ઞાસુ હતા તેઓ મહર્ષિ પાસે ઘણી શ્રદ્ધા સાથે રહેતા હતા. મહર્ષિના શિષ્યો પૈકીના એક બાળકનું નામ હતુ ઉપમન્યુ. ગુરૂદેવે ઉપમન્યુને પોતાની ગાયોને ચરાવવાનું કામ સોંપી રાખ્યું હતુ.

ઉપમન્યુ આખો દિવસ વનમાં ગાયો ચરાવતા અને સાંજે આશ્રમમાં પાછા આવી જતા હતા. એક દિવસ ગુરુદેવે પૂછ્યુ - 'બેટા ઉપમન્યુ ! તું આજકાલ ભોજન શું કરે છે ?' ઉપમન્યુએ નમ્રતા પૂર્વક કહ્યું - 'હે ભગવાન ! હું ભિક્ષા માગીને પોતાનું કામ ચલાવી લઉં છું.' મહર્ષિ બોલ્યા વત્સ ! બ્રહ્મચારીએ આ રીતે ભિક્ષાનું અન્ન ખાવું જોઈએ નહીં. ભિક્ષા માગતા જે કંઈ મળે તે ગુરુની સામે મુકી દેવુ જોઈએ. તેમાંથી ગુરૂ કંઈ આપે તો તે ગ્રહણ કરવું જોઈએ. ઉપમન્યુએ મહર્ષિની આજ્ઞા સ્વીકારી લીધી હવે તેઓ ભિક્ષા માગતા જે કંઈ મળતુ તે લાવીને ગુરૂની સામે મૂકી દેતા હતા ગુરૂદેવે તો શિષ્યની શ્રદ્ધાને દ્રઢ કરવી હતી, તેથી તેઓ ભિક્ષામાં મળેલુ બધુ અન્ન પોતાની પાસે રાખી લેતા હતા. તેમાંથી કશું જ ઉપમન્યુને આપતા મહર્ષિ આયોદ ધૌમ્ય પોતાની વિદ્યા, તપસ્યા અને વિલક્ષણ ઉદારતા માટે ઘણા પ્રસિદ્ધ છે. તેઓ બાહ્ય રીતે તો પોતાના શિષ્યો સાથે ઘણો કઠોર વ્યવહાર કરતા જણાતા હતા, વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ મહાન્ સંતો 'વજ્ર કરતાં પણ કઠોર હોય છે અને ફૂલ કરતા પણ વધારે કોમળ હોય છે,' એ ન્યાયે તેઓશ્રીનો સ્વભાવ હોય છે. પરતું આંતરિક રીતે પોતાના શિષ્યો પર તેમનો અપાર સ્નેહ હતો. તેઓશ્રી પોતાના શિષ્યોને અત્યંત સુપાત્ર બનાવવા ઈચ્છતા હતા. તેથી જેઓ જ્ઞાનના સાચા જિજ્ઞાસુ હતા તેઓ મહર્ષિ પાસે ઘણી શ્રદ્ધા સાથે રહેતા હતા. મહર્ષિના શિષ્યો પૈકીના એક બાળકનું નામ હતુ ઉપમન્યુ. ગુરૂદેવે ઉપમન્યુને પોતાની ગાયોને ચરાવવાનું કામ સોંપી રાખ્યું હતુ. ઉપમન્યુ આખો દિવસ વનમાં ગાયો ચરાવતા અને સાંજે આશ્રમમાં પાછા આવી જતા હતા. એક દિવસ ગુરુદેવે પૂછ્યુ - 'બેટા ઉપમન્યુ ! તું આજકાલ ભોજન શું કરે છે ?' ઉપમન્યુએ નમ્રતા પૂર્વક કહ્યું - 'હે ભગવાન ! હું ભિક્ષા માગીને પોતાનું કામ ચલાવી લઉં છું.' મહર્ષિ બોલ્યા વત્સ ! બ્રહ્મચારીએ આ રીતે ભિક્ષાનું અન્ન ખાવું જોઈએ નહીં. ભિક્ષા માગતા જે કંઈ મળે તે ગુરુની સામે મુકી દેવુ જોઈએ. તેમાંથી ગુરૂ કંઈ આપે તો તે ગ્રહણ કરવું જોઈએ. ઉપમન્યુએ મહર્ષિની આજ્ઞા સ્વીકારી લીધી હવે તેઓ ભિક્ષા માગતા જે કંઈ મળતુ તે લાવીને ગુરૂની સામે મૂકી દેતા હતા ગુરૂદેવે તો શિષ્યની શ્રદ્ધાને દ્રઢ કરવી હતી, તેથી તેઓ ભિક્ષામાં મળેલુ બધુ અન્ન પોતાની પાસે રાખી લેતા હતા. તેમાંથી કશું જ ઉપમન્યુને આપતા નહોતા.

થોડા દિવસો પછી જયારે ગુરૂદેવે પૂછ્યુ કે 'ઉપમન્યુ તું આજકાલ શું ખાય છે ?' ત્યારે ઉપમન્યુએ જણાવ્યુ કે 'હું એકવાર લાવેલું ભિક્ષાનું અન્ન ગુરૂદેવને આપી દીધા પછી પોતાને માટે બીજી વાર ભિક્ષા માંગી લાવું છું.' મહર્ષિ એ કહ્યું, 'બીજીવાર ભિક્ષા માંગવી એ તો ધર્મની વિરૂદ્ધ છે. એમ કરવાથી ગૃહસ્થોએ વધુ બોજ વેઠવો પડે અને બીજા ભિક્ષા માગનારાઓને પણ સંકોચ થશે. હવે તું બીજી વાર ભિક્ષા માગવા જઈશ નહીં.'

ઉપમન્યુએ કહ્યું 'જેવી તમારી આજ્ઞા.' તેણે બીજીવાર ભિક્ષા માગવાનું બંધ કરી દીધું, થોડા દિવસો પછી જયારે મહર્ષિએ ફરી પૂછ્યુ ત્યારે ઉપમન્યુએ જણાવ્યુ કે 'હું ગાયોનું દૂધ પી લઉં છું.'

મહર્ષિ બોલ્યા 'આ તો બરાબર નથી. ગાયો જેમની હોય છે, ગાયોનું દૂધ પણ તેમનું જ હોય છે. મને પૂછયા વિના તારે ગાયોનું દૂધ પીવું જોઈએ નહીં.' ઉપમન્યુએ દૂધ પીવાનું પણ બંધ કરી દીધું.

થોડા દિવસો વીત્યા પછી ગુરુદેવે પૂછયું- 'ઉપમન્યુ ! તું બીજીવાર ભિક્ષા પણ નથી માગી લાવતો અને ગાયોનું દૂધ પણ નથી પીતો, તો પછી શું ખાય છે ? તારું શરીર તો ઉપવાસ કરનારાઓના જેવું દુબળું દેખાતું નથી.' ઉપમન્યુએ કહ્યું, 'ભગવાન ! વાછરડાઓના મોઢામાંથી જે ફીણ ટપકે છે તે પીને હું પોતાનું કામ ચલાવી લઉં છું.'

મહર્ષિ બોલ્યા 'વાછરડા ઘણા દયાભાવવાળા હોય છે તેઓ પોતે ભૂખ્યા રહીને તારે માટે વધુ ફીણ ટપકાવતા હશે. તારી આ વૃત્તિ પણ વાજબી નથી. !' હવે ઉપમન્યુ ઉપવાસ કરવા લાગ્યા. આખો દિવસ કશુંય ખાધા વિના ગાયોને ચરાવતા રહીને તેમણે એક વનમાંથી બીજા વનમાં રખડવું પડતુ હતુ આખરે જયારે ભૂખ અસહ્ય બની ગઈ ત્યારે તેમણે આકડાનાં પાંદડા ખાઈ લીધા તે ઝેરી પાંદડાઓનું ઝેર શરીરમાં પ્રસરી જવાથી તેઓ આંધળા થઈ ગયા. તેમને કશુ પણ દેખાતું ન હતું. ગાયોના ચાલવાનો અવાજ (પગરવ) સાંભળી નેજ તેઓ તેમની પાછળ ચાલી રહ્યા હતા. રસ્તામાં પાણી વગરનો કૂવો આવ્યો અને ઉપમન્યુ તેમાં પડી ગયા અંધારૂ થઈ ગયા પછી જયારે બધી ગાયો પાછી આવી ગઈ અને ઉપમન્યુ પાછા ના આવ્યા ત્યારે મહર્ષિને ચિંતા થઈ તેઓ વિચારવા લાગ્યા - મેં તે ભોળા બાળકનું ખાવાનું બધી રીતે બંધ કરાવી દીધું છે. કષ્ટ સહન કરતાં કરતાં દુઃખી થઈને તે કયાંક જતો તો નહીં રહ્યો હોય ? તેઓ તેને જંગલમાં શોધવા નીકળ્યા અને વારંવાર પોકારવા લાગ્યા - 'બેટા ઉપમન્યુ તું કયાં છે ?' ઉપમન્યુએ કૂવામાંથી જવાબ આપ્યો - 'ભગવાન હું કૂવામાં પડી ગયો છું.' મહર્ષિ ઉપમન્યુ પાસે ગયા અને તેમની બધી વાતો સાંભળી પછી તેમણે ઋગ્વેદનાં મંત્રો વડે અશ્વિની કુમારોની સ્તુતિ કરવાની ઉપમન્યુને આજ્ઞા આપી. સુંદર સૂરમાં જયારે ઉપમન્યુએ શ્રદ્ધાપૂર્વક સ્તુતિ કરી ત્યારે દેવોનાં વૈદ્ય અશ્વિની કુમારો ત્યાં પ્રગટ થયા તેમણે ઉપમન્યુની આંખો સાજી - સારી કરી દીધી અને તેમને એક પૂડો આપીને તે ખાઈ લેવા કહ્યું પરંતુ ઉપમન્યુએ પોતાનાં ગુરૂદેવને અર્પણ કર્યા વિના તે પૂડો ખાવાનું સ્વીકાર્યુ નહીં. ત્યારે અશ્વિની કુમારોએ કહ્યું તમે સંકોચ ના કરો. અગાઉ તમારા ગુરૂજીએ પણ પોતાના ગુરૂજીને અર્પણ કર્યા વિના જ, અમે આપેલો પૂડો પ્રસાદ માનીને ખાઈ લીધો હતો. ઉપમન્યુએ કહ્યુ- 'તેઓ મારા ગુરૂજી છે, તેમણે જે કાંઈ પણ કર્યુ હોય તે ખરૂ, પરંતુ હું તો તેમની આજ્ઞાનું ઉલ્લંઘન નહીં જ કરૂ.'

ઉપમન્યુની આવી ગુરૂભક્તિથી પ્રસન્ન થઈને અશ્વિનીકુમારોએ તેમને સમસ્ત વિદ્યાઓ ભણ્યા વગર જ પ્રાપ્ત થઈ જવાના આશીર્વાદ આપ્યા. પછી જયારે ઉપમન્યુ કૂવામાંથી બહાર નીકળ્યા ત્યારે મહર્ષિ આયોદ ધૌમ્યે પોતાના તે પ્રિય શિષ્યને હૈયા સરસા ચાંપી લીધા.

## શ્રી ૐ માનવ જીવનનું લક્ષ્ય

**રજુઃ લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી (ચકમપરવાળા)**

માનવને જીવનના લક્ષ્યની ખબર નથી, માનવને વિવેક નથી કે આ જીવનમાં મારુ શું કર્તવ્ય છે, મારે શું કરવું જોઈએ અને હું શું કરી રહ્યો છું. મારા જીવનનું લક્ષ્ય શું છે અને હું કયાં જઈ રહ્યો છું. ખાવું પીવું રખડવુ અને વંશ વૃદ્ધિ કરવી એ શું માનવ જીવનનું લક્ષ્ય છે. આ બધુય તો પશુઓ પણ કરે છે. આહાર વિહારનું જ્ઞાન તો પશુઓને પણ છે. પશુઓ પણ ભોગ ભોગવે છે. માનવ કેવળ ભોગ પાછળ પાગલ બને તો પશુ અને મનુષ્યમાં ભેદ શો ? માનવનું એક વિશિષ્ટ લક્ષ્ય છે, પ્રભુને પામવાનું, આત્માને પરમાત્મામાં લીન કરી દેવાનું, મનુષ્યે જીવનમાં લક્ષ્ય નક્કી કરવું જોઈએ. જે જીવનમાં કોઈ ધ્યેય નથી તે જીવન નાવિક વગરની નૌકા જેવુ છે. ધ્યેય નક્કી કરી તે ધ્યેય સિદ્ધ કરવા સાધન કરો માનવ શરીર ભોગ માટે મળ્યું નથી. માનવ શરીર તો ભજન કરી પરમાત્માની પ્રાપ્ત કરવા માટે મળ્યું છે. માનવનો અવતાર પરમાત્માની આરાધના કરવા માટે છે, તપ તથા ભજન કરવા માટે છે. માનવ દેહ શ્રી પરમાત્માના દર્શન માટેનું સાધન છે. પરમાત્માના દર્શન માટે જે સાધન કરતો નથી, માનવ શરીર મળ્યા છતાં જે પરમાત્માની ભક્તિ કરતો નથી તે માનવ નથી પણ પશુ સમાન છે. આ

જીવ અનેક જન્મથી સંસાર ભોગવતો જ આવ્યો છે. અનેક જન્મમાં એણે સંસારના સઘળા સુખ ભોગવ્યા છે. આવુ સુખ તો પશુ પક્ષી પણ ભોગવે છે. ઈન્દ્રિયજન્ય સુખ પશુ પક્ષી અને મનુષ્યને એક સરખુ જ છે. મનુષ્યને શ્રીખંડ ખાવામાં જેવું સુખ મળે છે તેવુ જ સુખ ભુંડને વિષ્ટા ખાવામાં મળે છે. પશુ પક્ષી પણ બાળકોને જન્મ આપે છે. ચકલા ચકલી પણ મકાન બાંધે છે. કુતરો-કુતરી પણ ફરવા તો જાય છે. સંસારનો બધો જ વ્યવહાર પ્રાણીમાતર પણ ભોગવે છે. એક માનવમાં એવી વિશિષ્ટતા છે કે માનવ ધારે તો મનનો, બુદ્ધિનો સદ્ઉપયોગ કરી તે સતત પરમાત્માની ભક્તિ કરી શકે. ભક્તિ માનવ સિવાય કોઈ પણ કરી શકે નહીં. ભક્તિ માનવ શરીરમાં જ થાય છે. ભગવાનનાં નામ જપનો આનંદ કેવળ મનુષ્યને જ મળે છે. કુતરા-બિલાડા તે મેળવી શકતાં નથી. પશુઓને પોતાના સ્વરૂપની પણ ખબર નથી. તે પોતાનાં જ સ્વરૂપને જાણતા નથી. તો ભગવાનને ક્યાંથી જાણી શકે. મનુષ્ય જ ભગવાનને જાણી, પામી શકે છે. માનવ સમજી શકે છે કે આ પાપ છે અને આ પુણ્ય છે. પાપ છોડવું અને સતત ભક્તિ કરવી એ બુદ્ધિ મનુષ્યને જ છે, પશુ પાપ છોડી શકતા નથી. પશુ યોનિ પાપનું ફળ ભોગવવા માટે છે. બિલાડી અનેક ઉંદરને મારે છે પણ એને પાપ લાગતું નથી. વાઘ સિંહ અનેક જીવોની હિંસા કરે છતાં એમને માથે પાપ નથી કારણ એ તો પાપનું ફળ દુ:ખ ભોગવે છે. કોઈ માનવ જીવની હિંસા કરે તો તે પાપ છે. પશુ પક્ષી હિંસા કરે એ પાપ ગણાતું નથી. કારણ પશુ યોનિમાં અતિશય અજ્ઞાનતા છે. પશુઓમાં એટલું બધુ અજ્ઞાન હોય છે કે ત્રણ વર્ષ પછી તે માને પણ ભૂલી જાય છે. એને યાદ રહેતું નથી કે આ મારી મા છે. શરીરનું સુખ એ જ મારૂં સુખ ને દેહનું દુ:ખ એ જ મારું દુ:ખ. તમે તો જાણો છો કે તમે શરીર નથી. તમે તો શરીરમાં રહેનારા છો, પશુનો સ્વભાવ સુધરતો નથી. માનવ ધારે તો સ્વભાવને સુધારી શકે છે, સત્કર્મ કરે, સત્સંગ કરે, તો સ્વભાવ સુધરે છે. સ્વભાવ સુધરે ત્યારે જ પરમાત્માના દર્શન થાય છે. પાપ અને પુણ્ય મનુષ્ય શરીરથી જ થાય છે. પાપ છોડવું અને સતત પુણ્ય કરવું એ બુદ્ધિ પરમાત્માએ મનુષ્યને જ આપી છે. માનવ સાવધાન રહે તો પાપ છોડી શકે છે. માનવ ધારે તો સતત ભક્તિ પણ કરી શકે છે. પ્રભુએ જ્ઞાન અને બુદ્ધિ મનુષ્યને જ આપ્યા છે. પશુને નહીં, આવતી કાલની ચિંતા માનવ કરે છે, પશુ કરતા નથી, કરી શકતા પણ નથી. માનવીને આ શરીર પરમાત્માએ અત્યંત કૃપા કરીને આપ્યું છે જે મનુષ્યો એને પ્રાપ્ત કરીને પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખતા નથી, તેમનું જીવન અતિ શોચનીય છે. આ શરીર સંસારના વિષય ભોગો ભોગવવા માટે મળ્યું નથી. આ શરીર પરમાત્માના કાર્ય કરવા માટે મળ્યું છે. અનિત્ય એવા શરીરથી નિત્ય એવા પરમેશ્વરને પ્રાપ્ત કરી શકાય છે. ભગવાને કહ્યું છે કે અનેક પ્રકારના શરીરોનું મેં નિર્માણ કર્યું છે. પરંતુ તે સીમાં મનુષ્ય શરીર મને અત્યંય પ્રિય છે. બુદ્ધિમાન એકાગ્ર ચિત્તથી આ શરીરમાં ઈશ્વરનો સાક્ષાત અનુભવ કરી શકે છે. મનુષ્ય શરીર જ્ઞાન તથા ભક્તિ માટેનું સાધન હોઈ સર્વ શ્રેષ્ઠ છે. મનુષ્ય શરીર સર્વ ફળોનું મૂળ છે અને સર્વ પુરુષાર્થોનું સાધન છે, કરોડો ઉપાયોથી પણ એ પામવું દુર્લભ છે. આ ઉત્તમ વહાણરૂપ શરીરમાં ગુરૂ એ ખલાસી છે અને પરમાત્માની કૃપારૂપી અનુકૂળ વાયુથી તે હંકારાઈ રહ્યું છે. તેમ છતાં આ માનવ દેહરૂપી અમુલી નીકા પામીને પણ જે મનુષ્ય ભવસાગર તરી ન જાય તે સાચે જ આત્મહત્યા કરનારો છે.

જે જીવનમાં કોઈ ધ્યેય નથી તે જીવન નાવિક વગરની નીકા જેવું છે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

આકરૂ ગામના સ્વ. કલ્યાણસિંહ નથુભાઈ જાદવ (હાલ-અમદાવાદ) અષાઢ સુદ બારસને બુધવાર તા. ૯-૭-૨૦૧૪ ના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

દડવા ગામના સ્વ. નારણભાઈ રાજાભાઈ (ઉ.વર્ષ ૯૨) અષાઢ સુદ પાંચમને બુધવાર તા. ૨-૭-૨૦૧૪ ના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

આજ સુધી આપણે ઘણાં ઉત્સવો ઉજવ્યા અને ઊજવતા હોઈએ છીએ પણ એ ઉત્સવો પાછળનો હેતુ શો ? એવો વિચાર આપણે કયારેય કરીએ છીએ કે આ ઉત્સવો પાછળનું ગર્ભિત રહસ્ય શું છે ? જો એ રહસ્યને જાણીએ તો ઉત્સવો ઉજવવાનો અનેરો આનંદ આવશે. ઉત્સવમાં ઉત્સાહ ભળશે. ઉત્સાહ વગર ઉત્સવો ઉજવી શકાતા નથી. જો જીવનમાં ઉત્સવો ઉજવીએ તો જીવન ઉત્સાહમાં રહે.

થોડા જ સમય પછી જન્માષ્ટમી તહેવાર આવી રહ્યો છે. જે દિવસે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો. તો આ ઉત્સવ આપણે ખૂબ જ ધામધૂમથી ઉજવીએ છીએ. તો તેનું કારણ શું ? આ દિવસે ઘણાં લોકો પ્રભાત ફેરી પણ કાઢે છે અને મટકી પણ ફોડે છે. તેનું કારણ શું ? એ જાણીશું તો આપણને મહોત્સવમાં વધુ આનંદ આવશે. આ દિવસે પ્રભુને વિશેષ રૂપે યાદ કરવામાં આવે છે. તેથી પ્રભાત ફેરી કાઢવામાં આવે છે જેથી લોકો સવારથી જ ભગવાનના સ્મરણમાં, કીર્તનમાં લાગી જાય અને વાત રહી મટકી ફોડની તો ગોકુળમાંથી માખણ કરવેરા રૂપે મથુરામાં જતું હતું તે માખણ બાળકોને મળે એટલે કૃષ્ણ મટકી ફોડતા અને બીજું કે મટકી ફોડવા માટે પીરામીડ બનાવવામાં આવે છે. તો તેમાં સૌથી સશક્ત હોય તે સૌથી નીચે હોય અને જે અશક્ત છે તે સૌથી ઉપર હોય એટલે એ અશક્તને પણ સશકત બનાવે. મટકીમાં જે માખણ હોય તે નાનામાં નાની વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવે છે એટલે આ વૈદિક સનાતન સંસ્કૃતિને એક એક વ્યક્તિ સુધી પહોંચાડવાની છે.

બીજી પણ એક રહસ્યની જ વાત છે કે એ નિરાકાર તત્વને સાકાર કેમ થવું પડયુ ? અજન્મા જે જન્મ રહિત છે એને કેમ પ્રગટ થવું પડયું ? જે શરીર રહિત છે તેને કેમ શરીર ધારણ કરવું પડયું ? જે નિરઅવયવ છે તેને અવયવવાળું કેમ થવું પડયું ? જે અવિનાશી તત્વ છે એને (વિનાશી) શરીર કેમ ધારણ કરવું પડયું ? તો ભગવાન સ્વયં જ ગીતામાં કહે છે-

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥**
**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મસંસ્થાયનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥**
(અ.-૪-૭-૮)

ભગવાન કહે છે કે, "હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જુ છું એટલે સાકાર રૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું. સાધુ પુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપ કર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક રીતે સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું."

કંસ જેવા રાક્ષસોના પાપો પૃથ્વી ઉપર વધતા જતા હતા. પૃથ્વીને આ પ્રાણીઓનો ભાર નથી લાગતો પણ જ્યારે પાપ કર્મ વધતુ જાય ત્યારે પૃથ્વી અકળાય છે. તેને આ પાપીઓનો ભાર લાગે છે. ધર્મની ખૂબ હાની થવા લાગી કંસ પોતાની બહેનને પણ દુઃખ દેવા લાગ્યો. પૃથ્વી, દેવતાઓ અને ઋષિમુનીઓ બધા જ તેના ત્રાસથી અકળાવા લાગ્યા ત્યારે ભગવાન જે નિરાકાર છે. અજન્મા છે, નિરઅવયવ છે તે સાકાર રૂપ ધારણ કરીને કૃષ્ણ સ્વરૂપે દેવકી અને વસુદેવના પુત્ર રૂપે પ્રગટ થયા. શ્રાવણ મહિનાની કૃષ્ણ પક્ષની અષ્ટમીએ ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ થયો. તે દિવસને આપણે બધા જન્માષ્ટમીના નામથી ઓળખીએ છીએ. વસુદેવજી ભગવાન શ્રીકૃષ્ણને ટોપલામાં લઈને ગોકુળમાં મૂકવા ગયા તો જેલના બધા તાળા તૂટી ગયા અને ત્યાંથી નંદજીની બાળકીને એટલે કે માયાને લઈને આવ્યા તો પાછા તાળા બધા બંધ થઈ ગયા. આતો સ્થૂળ વાત બતાવી પણ આનો આધ્યાત્મિક અર્થ સમજવાનો છે. તો અહીં કહેવાનું તાત્પર્ય એ જ છે કે જયાં ભગવાન આવે ત્યાં મોહ-માયાના બંધનના બધા તાળા તૂટી જાય અને માયા આવે તો જીવ બંધાય જાય. એટલે કે તાળા બંધ થઈ જાય અને જીવો તો આ માયામાં જ ફસાઈને રહે છે.

સૌ પ્રથમ પૂતના નામની રાક્ષસીનો ભગવાને નાશ કર્યો. પૂત એટલે પવિત્ર અને ના એટલે નથી.

જે પવિત્ર ન હોય પણ ઉપરથી કપડા સારા પહેરે એ પૂતના કહેવાય. પૂતના બાળકોને મારે છે. અજ્ઞાન દ્રષ્ટિથી જીવવાવાળા જીવો પૂતનાના શિકાર બને છે. એટલે વિષય વાસનામાં ફસાય છે. ભગવાને પહેલા પૂતનાનો નાશ કરીને બતાવ્યું કે પેલા અજ્ઞાન દૂર કરવું જોઈએ.

ભગવાન સમય વગર વાછરડા છોડી દે છે તો આ વાછરડાની કથા નથી. આ તો આપણી કથા છે. આ લીલાને નિમિત્તે આધ્યાત્મિક અર્થ સમજવાનો છે. જીવો લીલા સાંભળવા જાય પણ આધ્યાત્મિક કથા, બ્રહ્મની કથા, બ્રહ્મનું જ્ઞાન લેવા ન જાય એટલા માટે લીલાને નિમિત્તે આપણે સમજીને જ્ઞાન લેવાનું છે. ભગવાન સમય વગર વાછરડાં છોડી દે છે એનો આધ્યાત્મિક અર્થ એ છે કે ભગવાન કૃપા કરે તો અજ્ઞાની જીવોને મુક્ત કરે છે. જન્મ-મરણના બન્ધનથી મુક્ત કરી દે છે. જો ભગવાન જીવની ઉપર કૃપા કરે તો એને જ્ઞાન મેળવવા માટે અધિકારી બનવાની જરૂર નથી. ભગવાન કૃપા કરે તો મુક્ત કરી શકે છે. પરંતુ એ માટે આપણે કૃપા પાત્ર બનાવાની જરૂર છે. ભગવાન ધારે તો ગમે ત્યારે મુક્ત કરી શકે છે. પછી કોઈ સમયની પણ રાહ જોવાની જરૂર નથી.

ભગવાનની તો અનંત લીલાઓ છે. ભગવાને અનંત પ્રકારના સુંદર કામો કર્યા છે. ભગવાને વત્સાસૂર, બકાસૂર અને અઘાસૂરનો નાશ કર્યો. અઘાસૂર એટલે પાપ, બકાસૂર એટલે દંભ અને વત્સાસૂર એ અજ્ઞાનનું લક્ષણ છે. આ તમામ દુર્ગુણો ભગવાનની કૃપાથી દૂર થાય છે. એટલા માટે ભગવાન હૃદયમાં પ્રગટે તો બધા દુઃખો દૂર થાય એટલે રોજ દૃઢ કરવું કે "ભગવાન મારા હૃદયમાં જ છે." આપણે રોજ ગાઈએ છીએને કે-

**''હૃદયમાં રૂડું ધ્યાન હું ધરું,**
**પ્રભુ ઉપાસના પ્રેમથી કરું''**

ત્યારબાદ ભગવાને જમનાજીમાં જે કાળીનાગ રહેતો હતો. એના ઝેરથી જળ બધુ બગડી ગયું હતું. આપણને બધાને ખબર જ છે કે શ્રીકૃષ્ણે કાળીનાગ નાથીયો. તો અહીં કાળી નાગનો અર્થ છે ઈન્દ્રિયો અને વિષનો અર્થ છે વિષયો. ઈન્દ્રિયો જ્યારે વિષયમાં જાય ત્યારે જીવ ભગવાનને ભૂલે છે અને વિષય વાસનામાં વારવાર જન્મે છે ને મરે છે. ઈન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળી એટલે કે ભગવાને જમનાજીને વિષ રહિત બનાવી એનો મતલબ છે ભક્તિ વિષય વગરની બનવી જોઈએ. જમનાજી એ ભક્તિનું સ્વરૂપ છે. તો આપણે પણ ભક્તિને વિષય રહિત બનાવવી.

ત્યારબાદ પ્રલમ્બાસુરનો નાશ બળદેવજી કરે છે. બહું લાંબી વાસના હોય એને પ્રલમ્બાસુર કહેવાય. જીવની લાંબી લાંબી વાસના હોવાથી જીવ અસુર ભાવમાં રહે છે. જે કેવલ પ્રાણ પોષણ કરવામાં પડયા રહે. ભગવાનનું ભજન ન કરે, પરોપકાર ન કરે, સારા કામો ન કરે, કેવલ જીવવા માટે ભોગોમાં પડયા રહે, એવા જીવો પ્રલમ્બાસુર કહેવાય. બળદેવજીએ પ્રલમ્બાસુરનો નાશ કર્યો. બળદેવનો અભિપ્રાય છે આત્મબળ, પરમાત્મબળ વધારવુ 'હું પરમાત્માનો છું, હું અજર અમર આત્મા છું.' એ બળ હંમેશા વધારવું.

છેલ્લે ભગવાને કંસનો વધ કર્યો. તો કંસનો અર્થ છે કામના. અંદર જ્યાં સુધી કામના હોય ત્યાં સુધી જીવનું કલ્યાણ થતું નથી.

આમ તો ભગવાનની અનંત લીલાઓ છે પણ આપણે તેમાંથી સાર ગ્રહણ કરવાનો છે. તેનો આધ્યાત્મિક અર્થ સમજીને તેને જીવનમાં ઉતારવાનો છે અને જો ઉત્સવમાં ઉત્સાહ હશે તો અનેરો આનંદ આવશે. તો ભગવાનની કૃપાથી આપણે દુર્ગુણોને દૂર કરીએ અને જીવનને પ્રભુમય બનાવીએ એવી જ પ્રભુ પાસે પ્રાર્થના....

## આદ્યશ્રી શંકરાચાર્યજીના પ્રેરક જીવન પ્રસંગ

રજુઃ પ્રવિણભાઈ ડી સુતરિયા
ચમારડી

આદ્ય શંકરાચાર્યજી બાળપણથી જ અત્યંત મેધાવી અને પ્રતિભા સંપન્ન હતા. ચાર-પાંચ વર્ષની ઉંમરે તો એમણે અનેક ભાષાઓ શિખવાનું શરૂ કરી દીધુ હતુ અને સાત વર્ષની ઉંમરે તો શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો હતો. આદ્ય શંકરાચાર્ય નિર્ગુણ, નિરાકાર બ્રહ્મના ઉપાસક હતા તેમણે 'કેવલ અદ્વૈત' નો સિદ્ધાંત પ્રસ્થાપિત કરી જીવ અને બ્રહ્મનો અતૂટ સંબંધ દર્શાવતા જણાવ્યું હતું કે જગતમાં બ્રહ્મ અને

જીવ અલગ છે જ નહીં. બ્રહ્મ જ જીવ અને જગત રૂપે પરિણમે છે. પોતાના આત્મ સ્વરૂપનો પરિચય આપતા તે કહેતા -

**નિર્ગુણો નિષ્ક્રયો નિત્યો નિર્વિકલ્પો નિસંતિઃ ।**
**નિર્વિકારો નિરાકારો નિત્યં મુક્તોઽસ્મિ નિર્મલઃ ॥**
**અહમાકાશવત્ સર્વં બહરંતગ્રતોઽચ્યુતઃ ।**
**સત્યંજ્ઞાનંમનન્તં યત્પરં બ્રહ્મહમેવ તત્ ॥**

હું નિર્ગુણ, સત્વ, રજસ, તમસ એ ત્રણ ગુણોથી રહિત છું, હું શરીર, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણની ક્રિયાઓથી રહિત છું, ત્રણેકાળમાં મારૂં અસ્તિત્વ છે. સમસ્ત વિકલ્પો અને કામ, ક્રોધાદિ વિકારોથી રહિત છું, આકાર રહિત છું, અવિદ્યા રૂપી મેલથી રહિત છું, હું નિત્ય મુક્ત છું, હું આકાશ તત્ત્વની જેમ બધા પ્રાણીઓમાં વ્યાપ્ત છું. દેશ-કાળ-વસ્તુના પરિચ્છેદથી રહિત જે પરબ્રહ્મ છે તે જ હું છું.

આદ્ય શંકરાચાર્યજી નિર્ગુણ-નિરાકાર બ્રહ્મના ઉપાસક હોવા છતાં સગુણ-સાકાર ઈશ્વરના સ્વરૂપના વિરોધી ન હતા. વેદમાં કહ્યું છે, 'દ્વે વાવ બ્રહ્મણો રૂપઃ મૂર્તિશ્ચ અમૂર્તશ્ચ' બ્રહ્મના બે રૂપ છે, મૂર્ત અને અમૂર્ત. એટલે તે નિરાકાર સાકાર બન્ને સ્વરૂપમાં માનતા.

ભગવાન બદ્રીનાથની મૂર્તિની પુનઃસ્થાપના સંબંધિત પ્રસંગ સ્મરણીય છે. બૌદ્ધ મતને રાજયાશ્રય પ્રાપ્ત થવાથી અને સમર્થ પ્રચારકોને લીધે તે ચીન, જાપાન વગેરે અન્ય દેશોમાં પણ ફેલાયા, આ મતના કેટલાક સંકીર્ણ અનુયાયીઓ બીજા ધર્મોનું સન્માન કરવાનું ભૂલી અત્યાચાર કરવા લાગ્યા. આવા કોઈ ભ્રાંત અનુયાયીએ હિમાલયમાં આવેલા હિન્દુ તીર્થ બદ્રીનાથના મુખ્ય મંદિરની દેવમૂર્તિને નારદકુંડમાં ફેંકી દીધી. એને લીધે ત્યાં વૈશાખથી કારતક સુધી થનારી માનવી પૂજા બંધ થઈ ગઈ. ભગવાન બુદ્ધે ભારતીય ધર્મમાં ઉદ્‌ભવેલી કેટલીક મૂઢ માન્યતાઓને દૂર કરવા માટે બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો રજૂ કર્યા હતા. પરંતુ તેનો ખરો અર્થ સમજયા વિના તે હિન્દુ દેવ-દેવીઓનો વિરોધ કરવા લાગ્યા. આથી આદ્ય શંકરાચાર્યજીએ દિગ્વિજય કરવાનો સંકલ્પ કરી એને પૂરો કર્યો અને વૈદિક ધર્મને પુનર્જીવિત કર્યો.

આ દિગ્વિજય દરમ્યાન જ્યારે તે બદ્રીનાથ ધામ પહોંચ્યા ત્યારે ત્યાંના નિવાસીઓએ મંદિરની દુર્દશાની વાત કહી. તે તેની પુનઃપ્રતિષ્ઠા કરવા માટે મંદિરે પહોંચ્યા. તે પૂજા શરૂ કરાવવા માગતા હતા પણ મૂર્તિના અભાવે તે શક્ય બની શકે તેમ ન હતું. ત્યાંના પૂજારીઓ અને પંડિતો નવી મૂર્તિ બનાવવાનો વિચાર કરી રહ્યા હતા. આદ્ય શંકરાચાર્યજીએ પૂછ્યુ- 'પહેલી મૂર્તિ કયાં છે ?' લોકોએ કહ્યું- 'એને તે બૌદ્ધોએ નારદ કુંડમાં ફેંકી દીધી છે.' શંકરાચાર્યજીએ કહ્યું- 'તો પછી એમ કરીએ મૂર્તિને જ બહાર કાઢી લઈએ.' સ્વામીજીની વાત સાંભળી બધા એકબીજા તરફ જોવા લાગ્યા. એમના ચહેરા પર એવો ભાવ હતો કે એ અસંભવ વાત છે. સ્વામીજીએ તેમને પૂછ્યું તમારામાંથી કોઈ દેવમૂર્તિ બહાર કાઢવા તૈયાર છે ? પણ કોઈએ તૈયારી બતાવી નહી. એટલે સ્વામીજીએ (શંકરાચાર્યજીએ) પોતાનું ઉતરીય વસ્ત્ર એક બાજુ મૂકી દીધુ અને નારદકુંડ પાસે જઈ એમાં કૂદકો માર્યો, લોકોના મોં માંથી ઉંહકારા નીકળી ગયા, થોડીવાર પછી તે બહાર આવ્યા. એમના હાથ ખાલી હતા. થોડી પળો બાદ તેમણે ફરી વખત કુંડમાં કૂદકો માર્યો પણ બીજીવારે ખાલી હાથે પાછા આવ્યા. લોકોએ એમને સમજાવ્યું કે નારદ કુંડ ખૂબ ઊંડો છે એટલે મૂર્તિ બહાર કાઢવી એ અશકય છે. છતાં સ્વામીજીએ એમની વાત પર ધ્યાન ન આપ્યું. ફરી પાછો કૂદકો માર્યો. આ વખતે તે બહાર આવ્યા ત્યારે તેમના હાથમાં દેવમૂર્તિ હતી. જોકે મૂર્તિનો એક પગ ખંડિત હતો તેને જોડીને એની પ્રતિષ્ઠા કરવામાં આવી. પંડીતોએ ખંડીત મૂર્તિની સ્થાપવાનો વિરોધ કર્યો પણ શંકરાચાર્યના તર્ક અને પ્રમાણ આગળ તે નિરૂતર થઈ ગયા. આમ, તેમણે પોતાના પ્રાણનીય પરવા કર્યા વિના ભગવાન બદ્રીનાથજીની મૂર્તિ નારદકુંડમાંથી બહાર કાઢી એ પ્રમાણીત કરી દીધું કે તે માત્ર સાહસિક જ નહીં ભગવતસ્વરૂપની સ્થાપના માટે પ્રીતિવાળા પણ હતા.

એવું કહેવાય છે કે ભગવાન શિવજીએ એમને એકવાર સર્વત્ર સમદર્શનનો બોધ કર્યો હતો. એક દિવસ શંકરાચાર્યજી સવારે નદીમાં સ્નાન કરી પાછા ફરતા હતા ત્યારે એક ચંડાલ તેમને અડકી ગયો. તેનાથી તે કુપિત થઈ બે ડગલા પાછળ ખસી ગયા. તેમણે હસતાં હસતાં કહ્યું - 'તમે-પાછા ફરી ગયા તે ખોટું કર્યુ ? તમે મને અસ્પૃશ્ય સમજો છો ? શરીરને ધ્યાનમાં રાખીને જો પાછા હટી ગયા હો તો તે પણ ખોટું છે કેમકે શરીર તો મિથ્યા છે. આત્માને પાછા રાખીને પાછા હટી ગયા હો તો પણ ખોટું છે કેમ કે આત્માતો નિત્ય શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે !' ચાંડાલના રૂપમાં એ ભગવાન શિવજી હતા એવું મનાય છે. સાચા જ્ઞાની પુરૂષે દરેક જગ્યાએ સમદર્શી અને સમવર્તી પણ રહેવું જોઈએ, જ્ઞાન તે પ્રસંગમાંથી આદ્ય શંકરાચાર્યજીએ પોતાના જીવનમાં ઉતારી દીધુ હતું.

# સ્વતંત્રતા આપે તે સુગુરૂ, ગુલામ બનાવે તે કુગુરૂ

રજુઃ વાઘાણી શોભના જુલિયનભાઈ (ઉખરલા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સુગુરૂ અને કુગુરૂ વચ્ચેનો પહેલો ભેદ એ છે કે સુગુરૂ વ્યક્તિને બહારથી ભીંતરમાં લઈ જાય છે, સદ્‌ગુરૂ શિષ્યના હૃદયનો તાર પરમાત્મા સાથે જોડી દે છે, જયારે કુગુરૂ વ્યક્તિને બહારની દુનિયામાં જ ભમતો રાખે છે અને પોતાના શિષ્યની ચેતનાને બાહ્ય સિદ્ધિ અને ચમત્કારો સાથે જોડી દે છે. સુગુરૂ અને કુગુરૂ વચ્ચેનો બીજો ભેદ એ છે કે સુગુરૂ પોતાના શિષ્યની સ્વાતંત્રની ચિંતા કરે છે અને કુગુરૂ શિષ્યને વધારે ગુલામ બનાવવા ઉત્સુક હોય છે. સુગુરૂ શિષ્યને યોગ્ય માર્ગદર્શન આપે છે. આત્મા-પરમાત્માનો બોધ આપી આત્માને ઓળખાવે છે, સુગુરૂ સીધું જ પીરસે છે કે ‘તત્વમસિ’, ‘અયમાત્મા બ્રહ્મ’, ‘પ્રજ્ઞાનં બ્રહ્મ’ કે ‘તે તું જ છે, તારો આત્મા જ બ્રહ્મ છે, તારી પ્રજ્ઞા (ચેતના) બ્રહ્મ છે’. આવું વારં-વાર દ્રઢ કરાવે છે અને છેલ્લે શિષ્યને ‘અહં બ્રહ્માસ્મિ’ નો અનુભવ થાય છે, શિષ્યને બ્રહ્મનો અનુભવ થયેલો જોઈ ગુરૂને સંતોષ થાય છે. સુગુરૂ શિષ્ય અને બ્રહ્મના મિલનને દ્રષ્ટાની જેમ દૂરથી નિહાળે છે, વચ્ચે ખલેલ કરતા નથી. ગુરૂ પારસમણી કરતાં પણ શ્રેષ્ઠ છે કારણ કે લોઢું પારસમણીનો સ્પર્શ કરે ત્યારે કંચન બને, પારસમણી નહીં, જયારે સુગુરૂ પોતાની દ્રષ્ટિ માત્રથી જીવને પાવન કરે છે અને પોતાના સ્વરૂપ બનાવે છે. તે સદા એવુ ચાહે છે કે મને જે બ્રહ્મનો આનંદ મળે છે, મારા શિષ્યને પણ તે મળે, હું જેવો મુક્ત વિચરણ કરું છું, મારો શિષ્ય પણ મુક્તતાનો અનુભવ કરે. સુગુરૂની ભૂમિકા એક માળીની સમાન છે, માળી જેમ બગીચામાં બધાજ ફૂલ-છોડને ભેદ-ભાવ રાખ્યા વિના જતન કરે છે, પાણી પાય છે, ખાતર નાખે, નીંદણ કાઢે છે અને છોડને વૃદ્ધિ પામતો જોઈ માળી હરખાય છે. તેમ સદ્‌ગુરૂ પોતાના શરણે આવેલા જિજ્ઞાસુ શિષ્યો પ્રત્યે ભેદ-ભાવ રાખ્યા વિના સૌનું સરખુ જતન કરે છે, પોતાની મધુર વાણીનું અમૃત પાય છે, જ્ઞાન રૂપી ખાતર નાંખે છે અને અજ્ઞાન રૂપી નીંદણ કાઢે છે.

જયારે કુગુરૂ શિષ્યને એવી અવળી દિશા બતાવે છે કે જયાં એ પોતાનો આત્મવિશ્વાસ વધુને વધુ ગુમાવતો જાય, શિષ્ય પોતાના જીવનમાં સ્વતંત્રતાનો અનુભવ કરવાને બદલે ગુરૂની ગુલામીના અંધકારમાં જીવવા લાગે છે અને ખોટા ગુરૂઓ પણ આવો શિષ્ય પરાવલંબી બની રહે તેવુ ઈચ્છતા હોય છે. પરિણામે એક વિચિત્ર પરિસ્થિતિ સર્જાય છે. શિષ્ય જેમ ગુરૂનું વધુ અવલંબન સેવે, તેમ એની ગુરૂભક્તિમાં એક આંધળો ઉછાળ આવશે. જો એનામાં વિવેક પૂર્ણ પણે જાગ્યો નહીં હોય તો એની ગુરૂભક્તિ ઘેલછાનું રૂપ લેશે અને એવું બને છે કે શિષ્ય ઈશ્વરને પામવાનો પ્રયત્ન છોડી મધપૂડાની આજુબાજુ મધમાખીઓ બણબણે તેમ ગુરૂની આજુબાજુ બણબણવા લાગે છે અને આવી આંધળી ભક્તિ કુગુરૂઓને બહુ મીઠી લાગતી હોય છે. અત્યારે આવા કુગુરૂઓનો રાફડો ફાટયો છે. જેટલી વધારે ભીડ (શિષ્યો) એટલા તે મોટા ગુરૂ કહેવાય. વાડામાં જેમ ઘેટા-બકરા ભર્યા હોય તેમ આવા ગુરૂઓ પોતાના સંપ્રદાય રૂપી વાડામાં વધારેમાં વધારે શિષ્યોની ભીડ થાય તેવું ઈચ્છતા હોય છે અને માનતા હોય છે કે અન્યના ધર્મ કરતા અમારો ધર્મ મોટો છે. બેવકૂફ બનાવવા વાળા બનાવે છે અને લોકો બનવા તૈયાર પણ છે. વગર વિચાર્યે ગળામાં ડેરો પહેરે છે.

**‘‘વિરા વસ્તું વિચારીને હોરીએ,**
**પરીણામ પસ્તાવો ના હોય રૂપે નવ રીજીએ,**
**ધોળું દૂધ આંકડીયાનું ઉજળું,**
**પીતાવેત ચાલ્યા જાય પ્રાણ રૂપે નવ રીજીએ’’**

આના જેવું છે, મોટા-મોટા મંદિરોને આશ્રમો બાંધ્યા હોય, જાહેરમાં ધ્યાન શિબિરો યોજે, જુદા-જુદા ઉત્સવોની ઉજવણી થતી હોય, જયાં સત્સંગ શિબિરોનું આયોજન તો હોય પણ તેમાં સત્સંગ જેવું કાંઈ જોવા મળે નહીં, મોજ-મસ્તી માણવા ભેગા થયા હોય તેવુ લાગે. આવા બ્રાહ્મ દેખાવાની પાછળ પડતા પહેલાં સો વખત વિચારજો, આશ્રમ તેને કહેવાય જયાં જ્ઞાન મળે, શાંતિ મળે, જીવન જીવવાની કળા મળે, એટલે લોકોકિત છે કે

**‘‘ગુરૂ કીજે જાનિકે, પાની પીજે છાનીકે’’**

ગુરૂ કરતી વખતે ખૂબ જ ધ્યાન રાખવું અને પાણી હંમેશા ગાળીને પીવું.

સુગુરૂ માટે સંત કબીર સારણીયાનું ઉદાહરણ આપતા કહે છે કે સારણીયા પાસે આપણે ચપ્પુ, છરી કે બીજું કોઈ હથિયાર લઈ જઈએ તો તેને સરાણ ઉપર ચડાવે છે, એને બરાબર ઘસીને ઉજળુ અને ધારદાર બનાવે છે. સુગુરૂ પણ શિષ્યના મનને વિવેકરૂપી સરાણ પર ચડાવી ઘસીને ઉજળું બનાવે છે અને નિર્ણય

શબ્દરૂપી છોલણાથી છોલે છે અને શિષ્યના કસર વિકારને કાઢે છે. કુંભાર જેમ માટીના ઘડાને સુંદર અને પહોળો બનાવવા માટે અંદર એક હાથનો સહારો આપીને ઉપરથી ટીપે છે, નિંભાડાની અગ્નિમાં તેને બરાબર પકાવે છે, તે જાણે છે જો તે ઘડાને ટીપશે કે પકવશે નહીં તો તે તૂટી જશે. સુગુરૂ પણ શિષ્યને એક બાજુ ઘાટ આપે છે અને બીજી બાજુ સાથ આપે છે, શિષ્યના હિતને કારણે કયારેક કઠોર બનીને શિષ્યને ઠપકો પણ આપે છે, તો બીજી બાજુ માંની જેમ મમતા ભર્યો હાથ ફેરવે છે, સુગુરૂ પોતાના શિષ્યને જ્ઞાનાગ્નિમાં તપાવે છે અને શિષ્યનું જન્મ-મરણરૂપી બીજ બાળીને ભસ્મ કરે છે.

ઘણીવાર એવું સાંભળવા મળે છે કે આટલું પુણ્ય કરશો કે આટલું દાન કરશો તો તમને સ્વર્ગ મળશે, કેટલાક ગુરૂઓ રૂવાડા બેઠા થઈ જાય તેવી નર્કની યાતનાઓનું વર્ણન કરે છે, નર્કથી બચવા સાધુ બનવા અથવા દાન કરવાનું સુચવવામાં આવે છે. ખોટા ગુરૂઓ શિષ્યને ભ્રમિત કરે છે, શિષ્યના ધનનું હરણ કરે છે અને શિષ્યને સ્વર્ગ-નર્કના બંધનોમાં ડૂબાડી તેને ગુમરાહ કરે છે. "ગુરૂ લોભી શિષ્ય લાલચી દોનો ખેલે દાવ" અને કંઈક આવુ જ આ કુગુરૂ અને શિષ્ય બંન્ને વચ્ચે બને છે. બંન્નેમાંથી એકેય જન્મ-મરણનાં ફેરામાંથી મુક્ત થતા નથી. બંન્નેની નર્કમાં ઠેલમ-ઠેલ થાય છે. કુગુરૂ પોતાની અધોગતિ કરે છે સાથે શિષ્યને પણ અધોગતિમાં નાખે છે.

જયારે સુગુરૂ શિષ્યને સત્ય આપે છે અને સત્યને પામવા કયારેય પણ સ્વર્ગનું લલચામણું પ્રલોભન કે નર્કની અકથ્ય યાતનાની વાતો કરતા નથી. ગુરૂનું એક જ કામ છે કે પોતાના શરણે આવેલા મુમુક્ષુ શિષ્યનાં મનમાં રહેલી તમામ ભ્રાંતિઓને છેદે, 'સુગુરૂનું મૌન અને શિષ્યનાં સંશય છેદન' આપણે મહાન ભાગ્યશાળી છીએ કે આપણને સમર્થ અને સાચા સદ્‌ગુરૂ મળ્યા છે, સદ્‌ગુરૂના જ્ઞાન ઉપદેશનો પૂરેપુરો લાભ લેવા સદ્‌ગુરૂ આશ્રમમાં પધાર્યા હોય ત્યારે સત્સંગ-કથાનો લાભ અચુક લેવો.

"ૐ તત્સત્"

# ભીતિ વિના પ્રીતિ નહીં

**મઘુબેન ઘીરજલાલ બોઘરા**
**સુરત (પીપરીયા)**

આ જીવ ઈશ્વર માટે કેમ આતુર નથી બનતો ? અથવા તો આપણું મન ઈશ્વર ભજનમાં કેમ લાગતું નથી ? જીવને ભજન કરવાનું મન કેમ નથી થતું ? ભજન કરે છે તો પણ મન કેમ લાગતું નથી ?

આ પ્રશ્નોના ઉત્તરમાં ગુરૂ મહારાજ શ્રીએ એક દ્રષ્ટાંત આપ્યુ. એક રાજાએ એવી જાહેરાત કરી કે જે કોઈ મન લગાવી એક વરસ સુધી ભક્તિ કરશે તેને રાજય તરફથી મોટું ઈનામ આપવામાં આવશે. આ વાત ચાર મિત્રો હતા તેણે પણ સાંભળી અને તેમણે નક્કી કર્યું કે આ કામ આપણે કરીએ. તેઓએ વિચાર્યું કે એક તો રાજયની મહેમાનગતિ મળશે, ઉપરથી ઈનામ પણ મળશે. લાભ જ લાભ છે ! આમ આ લોકો રાજા પાસે આવ્યા અને રાજમહેલમાં એક ઓરડામાં રહી શરત પ્રમાણે ભજન કરવાનું શરૂ કર્યું. આમ એક વર્ષ પુરૂ થયું એટલે રાજાએ ચારેય મિત્રોને બોલાવ્યા અને પૂછયું કે ભજન બરાબર કર્યું ને ? ભજનમાં તમારૂં મન લાગી ગયુ હતું ને ? પેલા મિત્રોએ જવાબ આપ્યો કે રાજા સાહેબ અમે ભજન તો બરાબર કર્યું છે પરંતું અમારૂં મન ભજનમાં નહીં ઈનામમાં લાગેલું છે. તો આપ ઈનામ આપો એટલે અમે રજા લઈએ. રાજાએ કહ્યું, તમે એક વર્ષ સુધી ભજન કર્યું છે માટે ઈનામ તો તમારે જે જોઈએ તે લઈ લ્યો પરંતુ રાત્રે તમને ફાંસી આપવામાં આવશે કારણ કે તમારું મન ભજનમાં લાગેલું નહીં તેનો દંડ પણ મળશે. હવે આ મિત્રોના તો હોંશ કોશ ઉડી ગયા. મનમાં તો મરી જવું પડશે તેની ચિંતા અને શોક તથા ભય વ્યાપિ ગયા. જમવાનું પણ ન ભાવ્યું અને ઈનામમાં પણ મન ન લાગ્યું. રાત્રે શું થશે એ જ ચિંતા કરી રહ્યા. રાત્રે રાજાએ પૂછયું કે ઈનામમાં જે જોઈએ તે બધુ લઈ લીધું ? કેવું લાગ્યું બધુ ? પેલા લોકો કહે "હે રાજા ! અમારે રાત્રે મરવાનું છે એ જ યાદ આવ્યા કરતુ હતું. તેથી અમારા મન ઈનામની વસ્તુમાં લાગ્યા નહીં પરંતુ ભગવાન જ અમને હવે બચાવી શકે છે તેથી ભગવાનના ભજનમાં જ મન લાગી ગયું."

આખું વર્ષ ભજન કર્યું પણ મન તેમાં ન લાગતા ઈનામમાં મન લાગેલું રહ્યું. તે જ મન મરણની બીક લાગતા ભગવાનમાં લાગી ગયું. બીજાને મરતા જુએ ત્યારે પણ આ જીવ તો એમ જ માને છે કે આપણે તો સો વર્ષ જીવવાના છીએ. સો વર્ષ તો શું પણ આગળની ક્ષણે હયાત હઈશું કે નહીં તેની પણ કોઈ ગેરંટી નથી છતા આ વાત આપણે આપણા મનને મનાવી શકતા નથી.

ભીતિ વિના પ્રીતિ થતી નથી. મરણની યાદ હરપળ રહે તો બીજી આસકિત ઓછી થાય અને પ્રભુને ભજવાનું મન થાય.



## પ.પૂ.સ્વામીજીશ્રીનો કાર્યક્રમ

**પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીનો અમેરિકાનો સંપર્ક નંબર – ૦૦૧ ૮૬૨૫૭૯૦૩૯૮**

- તા. ૧૨/૮/૧૪ ના રોજ અમેરિકાથી લંડન પધારશે.
- તા. ૨૩/૮/૧૪ થી ૩૧/૮/૧૪ બેલજીયમમાં પધારશે.
- તા. ૧/૯/૧૪ ના બેલજીયમ થી લંડન પરત પધારશે.
- તા. ૧૨/૯/૧૪ સુધી લંડનમાં રોકાશે ત્યારબાદ તા.૧૩/૯/૧૪ ના પુનઃભારત પધારવા રવાના થશે.
- તા. ૧૪/૯/૧૪ મુંબઈ પધારશે.

**પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીનો લંડનનો સંપર્ક નંબર – ૦૭૪૧૯૮૬૬૬૩૪૦**



પ. પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તા. ૭-૬-૧૪ થી દુબઈ, ત્યાંથી આફ્રિકાના કેનિયમાં, નેરોબિ, કોસુમુ, મસીમારા, નારોક, ત્યાંથી યુગાન્ડામાં કંપાલ, જિંજના સેવકોને લાભ આપી તાન્જાનીયા ગયા હતા. દારેસલામ સનાતન મંદિરમાં રથયાત્રા અંતર્ગત આશીર્વાદ રૂપ પ્રવચન આપી, અરુસાના સેવકોને લાભ આપી તા. ૬-૭-૧૪ ના કેનીયાથી અમદાવાદ ઈન્ટરનેશનલ માધવાનંદ આશ્રમે પરત આવી ગયા હતા તેઓશ્રીનું ચાતુર્માસ સુઘડ છે. તો સત્સંગનો લાભ લેવા પધારશોજી.



પ. પૂ. બ્રહ્મચારી શ્રી સુરેશ્વરાનંદજી મહારાજ પવિત્ર શ્રીનું ચાતુર્માસ દડવા ગામના આંગણે કરી રહ્યા છે. શ્રી માધવાનંદ આશ્રમમાં સત્સંગ ચાલી રહ્યો છે. તો સર્વે ભાઈ બહેનાને અવશ્ય લાભ લેવો.

**ચાતુર્માસ દરમ્યાન કાર્યક્રમ :–** સવારે ગુરૂગીતાનો પાઠ<br>
સાંજે ૪.૦૦ થી ૫.૦૦ પ્રવચન<br>
રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ શ્રીમદ્ ભાગવત




પ. પૂ. સ્વામીશ્રી હરીહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીનું પવિત્ર ચાતુર્માસમાં સુરત શ્રી માધવાનંદ આશ્રમમાં સતસંગનો લાભી આપી રહ્યા છે તો સર્વે ભાઈ બહેનોને અવશ્ય લાભ લેવો.

**ચાતુર્માસ દરમ્યાન કાર્યક્રમ :–**

| | | |
|---|---|---|
| સવારે ૬.૦૦ થી ૭.૦૦ | - | શ્રી ગુરુગીતાનો પાઠ-તથા પ્રવચન<br>વિષય - બ્રહ્મસુત્ર |
| સાંજે ૪.૦૦ થી ૫.૩૦ | - | પ્રવચન તથા આરતી<br>વિષય - ભગવતગીતા |
| રાત્રે ૯.૦૦ થી ૧૦.૩૦ | - | પ્રાર્થના તથા પ્રવચન<br>વિષય - ભગવતગીતા |

## પ.પૂ.સ્વામી શ્રી હરીહરાનંદ સાગરજી મહારાજશ્રીનું ચાતુર્માસ સુરત શ્રી માધવાનંદ આશ્રમ



## કીર્તન

અણઘણ મીરલ કલ્યાણભાઈ
નાવડા

(રાગ :- મારી શેરીએ તે કાનકુંવર આવતા રે)

મારી શેરીએ તે સદ્‌ગુરૂ આવતા રે લોલ
મુખેથી સચ્ચિદાનંદ બોલતા રે લોલ.
હું તો ઝબકી ને જોવા નિસરી રે લોલ,
સામા મળ્યા અંતરયામી રે લોલ.
આકરું ગામથી જગદીશાનંદ આવતા રે લોલ,
આવી વસ્યા નાવડા ગામમાં રે લોલ.
હું તો ઝબકી ને જોવા નિસરી રે લોલ.
સામા મળ્યા અંતરયામી રે લોલ.
માધવાનંદ આશ્રમમાં દીવા બળે રે લોલ,
મેં જાણ્યું પ્રભુજી પધારીયા રે લોલ.

મારા પૂર્વ ના પુન્યનો ઉદય થયો રે લોલ,
ઓળખી લીધા અંતરયામી રે લોલ,
તે તો પોતે છે પૂરણ બ્રહ્મ રે લોલ,
સદ્‌ગુરુ રૂપે શોભતા રે લોલ.
મારા જન્મ મરણના ફેરા ટળ્યા રે લોલ,
ઓળખી લીધા અવિનાશી રે લોલ.
હું તો માગુ ગુરુજી એટલુ રે લોલ,
આપજો તમારા ચરણોમાં વાસ રે લોલ.
મારી શેરી એ તે સદ્‌ગુરુ આવતા રે લોલ,
મુખેથી સચ્ચિદાનંદ બોલતા રે લોલ.

**:: સૌજન્ય ::**

**શ્રી ગણેશભાઈ રાઘવભાઈ ભરોડિયા**
**ગામ – પાલડી (હાલ સુરત.)**

Printed Book

Regd. No. S.R.H.O./
Valid Up to
RNI. No. GUJ.GUJ./2000/2499



તા. ૧૨/૭/૨૦૧૪ ગુરૂપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીનું અમેરીકામાં થતુ ગુરૂપૂજન તેમજ આશીર્વચન

BOOK POST

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

If Not Delivered Please To :-

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-